બડેનકી વાણી

પુષ્પ-૧૩

શ્રીગોપીનાથ પ્રભુચરણ
વિશેષાંક


શ્રીગોપીનાથ પ્રભુચરણ,ભાદરવા વદ ૧૨, વિ.સં. ૧૫૬૭

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ: ।।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્ય: ક્વાપિ કદાચન ।।૧।।

ભાવાર્થ : હંમેશા વ્રજાધિપ કૃષ્ણની સેવા સિવાય પુષ્ટિજીવ (દાસ)નું કદાચિત્ ક્યારેય કોઈપણ કર્તવ્ય નથી જ. (ચતુ:શ્લોકી)

શ્રીવલ્લભાચાર્યજી

ગ્રંથ : બડેનકી વાણી પુષ્પ-૧૩
પ્રકાશક : શ્રીવલ્લભ આજ્ઞાનુવર્તિની સમિતિ, ભરૂચ.
કાર્યાલય : ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮
ન્યોછાવર : નિ:શુલ્ક વિતરણાર્થ
મૂલ્ય : શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાંતોનો હૃદયપૂર્વક સ્વીકાર તથા આચરણ માટે પ્રતિબદ્ધતા
પ્રકાશન : ડિસેમ્બર, ૨૦૦૯
આર્થિક સહયોગ :

પ્રવૃત્તિ તથા ઉદ્દેશ્ય

સત્સંગ ● પરિક્ષાકેન્દ્ર ● પુસ્તક પ્રકાશન ● સ્વમાર્ગીય યાત્રા ● સ્વમાર્ગીય ગ્રંથ પ્રવચનમાળા તથા ગ્રંથાભ્યાસ ● સેવાપયોગી સામગ્રી શિખવાના વર્ગ ● ગ્રંથો મંગાવી આપવા તથા ઓછી કિંમતે આપવા ● ગ્રંથાલય (પુસ્તક, સીડી, કેસેટ) ● કીર્તન શીખવાના વર્ગ ● રૂબરૂ મુલાકાતથી સમજણ સ્પષ્ટ કરવી.

આયોજીત પ્રવચનમાળા :

ગો. શ્રીદ્વારકેશલાલજી	(કામવન-સૂરત)	સિદ્ધાંત મુક્તાવલી
ગો.શ્રીરાજેશકુમારજી	(અમદાવાદ-કડી)	નવરત્ન
ગો. શ્રીશરદકુમારજી	(માંડવી-કચ્છ)	સિદ્ધાંત રહસ્ત, ભક્તિવર્ધિની, પુ.પ્ર.મ.ભેદ, વિવેકધૈર્યાશ્રય, અંત:કરણ પ્રબોધ
ગો. શ્રી યોગેશકુમારજી	(મુંબઈ-કામવાન-ગોકુલ)	ચતુ:શ્લોકી, બાલબોધ, નિરોધ લક્ષણ
ગો. શ્રીમનોજકુમારજી	(મુંબઈ-વસઈ)	કૃષ્ણાશ્રય, જલભેદ, પંચપધાનિ
ગો. શ્રીપુરુષોત્તમજી	(જુનાગઢ)	યમુનાષ્ટક
નેશનલ શિબિર		પુષ્ટિ અસ્મિતા વિષય પર

વિશેષ માહિતી માટે :

દેવેન્દ્રભાઈ શાહ	**ભરતભાઈ શાહ**	**અંજુબેન મારફતિયા**	**રાસેશ શાહ**
૯૪૨૮૧૭૬૩૦૨	૯૪૨૭૮૭૯૨૭૩	(૦૨૬૪૨) ૨૪૧૭૪૬	૯૯૭૪૦૪૪૨૪૯

For Private Circulation Only

નિયમિત રૂપમાં પ્રકાશિત થતું નથી.

લેખની જવાબદારી લેખકની છે. પ્રકાશકની નહિ.

પ્રસ્તાવના

આ વરસને આપણે શ્રીગોપીનાથજી પ્રભુચરણની પંચશતાબ્દિ રૂપે ઉજવી રહ્યા છીએ. ત્યારે આપશ્રીએ આપણા પર કયા પ્રકારે કૃપા વરસાવી તે સહેજ જોઈએ.

આપે સાધનદીપિકા ગ્રંથના માધ્યમથી આપણને માર્ગના પાયાના સિદ્ધાંત તથા સેવાની રીતનો સૂક્ષ્મ પ્રકાર જણાવ્યો. આ બધું જ આપે વેદ, પુરાણ, શ્રીભાગવત, શ્રીગીતાજી તથા શ્રીઆચાર્યજીના ગ્રંથોના આધારે આપ્યું.

આપે સાધનદીપિકા ગ્રંથના ૧૨૭ શ્લોકમાં ગુરુનું સ્વરૂપ, શિષ્યનું સ્વરૂપ, દ્વિજ અને દ્વિજેતરના કર્તવ્ય, પ્રપત્તિમાર્ગી તથા ભક્તિમાર્ગીનાં કર્તવ્ય, સેવામાં શુદ્ધિના પ્રકાર, ભગવદાશ્રય, સ્ત્રીઓએ કયા પ્રકારે ભગવદ્‌ભજન કરવું, ભગવદ્ સ્વરૂપ તથા તેની ભાવપ્રતિષ્ઠાનો પ્રકાર અને નિત્ય સેવાનો પ્રકાર જણાવ્યો.

આપે સેવાશ્લોકી નામક ગ્રંથમાં નિત્યસેવા તથા ઉત્સવ સેવા બતાવી. આમ, આપે પૂરા માર્ગનું રહસ્યવારસો આપણને પધરાવી દીધો.

પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં પ્રવૃદ્ધ થતા દરેક વૈષ્ણવ માટે આપનું રચિત સાહિત્ય અણમોલ ઉપકારક ભેટ છે.

આ અંક ૧૩માં આપે આપેલ સુબોધના નાના લેખોથી છણાવટ કરી છે. આ પુસ્તકના સર્વ લેખોમાં ગો. શ્રી શરદબાવા લિખીત ‘શ્રીગોપીનાથપ્રભુચરણ’ નામક પુસ્તકમાંથી આધાર લીધેલો છે.

શ્રીઆચાર્યચરણના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથ પ્રભુચરણને શત શત વંદન.

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	શ્રીગોપીનાથપ્રભુચરણ ચરિત્ર	૩
૨.	શ્રીગોપીનાથપ્રભુચરણ દ્વારા વેદાદિશાસ્ત્રો તથા વર્ણાશ્રમ ધર્મોનો ભક્તિમાં સમન્વય	૬
૩.	ગુરુ-શિષ્યનાં કર્તવ્ય	૯
૪.	ભક્તિમાર્ગમાં નિષિદ્ધ અકર્તવ્ય	૧૧
૫.	સેવામાં શુદ્ધિનો વિચાર	૧૨
૬.	વૈષ્ણવનો લૌકિકી વ્યવહાર	૧૪
૭.	સેવ્યસ્વરૂપ અને સેવાનું સ્વરૂપ	૧૫
૮.	દ્વિજેતર અને સ્ત્રીઓને કર્તવ્ય બોધ	૧૭
૯.	પ્રપત્તિમાર્ગસ્થને કર્તવ્ય બોધ	૧૯
૧૦.	તાદૃશી વૈષ્ણવનાં લક્ષણ, આચાર, ફલાધિકાર	૨૧
૧૧.	સેવા તથાકથાનો પ્રકાર	૨૩
૧૨.	સૌંદર્ય પદ્ય	૨૫
૧૩.	શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી	૨૮
૧૪.	સાહિત્યમાં શ્રીગોપીનાથપ્રભુચરણ	૨૯
૧૫.	સાધનદીપિકા ગ્રંથમાં આવતાં સંદર્ભ	૩૧
૧૬.	શ્રીગોપીનાથજી પ્રભુચરણ વિષયક કેટલીક ગેરસમજનું સમાધાન	૩૫
૧૭.	પ્રશ્ન પત્ર - ચતુઃશ્લોકી	૪૭
૧૮.	બડેનકી વાણી પુષ્પ-૧૨ ‘કૃષ્ણાશ્રય’ પ્રશ્નપત્રના ઉત્તર	૫૨

(૧) શ્રીગોપીનાથપ્રભુચરણ - ચરિત્ર

શ્રીવલ્લભાચાર્યજીના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથ પ્રભુચરણનું પ્રાકટય વિ.સં. ૧૫૬૭ ભાદ્રવદ કૃષ્ણપક્ષ-૧૨ના દિને અડેલમાં થયું હતું. આપના લઘુબંધુ શ્રીવિઠ્ઠલનાથ, પુત્ર પુરૂષોત્તમજી તથા બેટીજી સત્યભામાજી અને લક્ષ્મીજી હતા. આપને સં. ૧૫૭૫માં કાશીમાં યજ્ઞોપવિત અપાયું. આપને શ્રીવલ્લભમહાપ્રભુએ ગાયત્રીમંત્ર, ગોપાલમંત્ર, અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રની દીક્ષા આપી હતી. સં. ૧૫૮૨માં આપના લગ્ન પાયમ્માગારુજી (પ્રિયાજી) સાથે કાશીમાં થયા હતા.

લગ્ન પછી તુરત આપ સં. ૧૫૮૨માં દ્વારકા યાત્રા પર પધાર્યા હતા. આપે શ્રીઠાકોરજીની આજ્ઞાથી અસારવા ગામના કૂવામાંથી શ્રીમદનમોહનજીનું સ્વરૂપ બહાર કઢાવ્યું હતું અને રામદાસજીને સેવા માટે પધરાવી આપ્યું હતું. સાથે પોતાના પાદુકાજી પણ પધરાવ્યા હતા. તે પ્રસંગે ભાઈલા કોઠારી વ. વૈષ્ણવો હાજર હતા.

સં. ૧૫૮૭ અષાઢ સુદ-બીજે શ્રીમહાપ્રભુજી લીલામાં પધાર્યા ત્યાર બાદ આપ આચાર્યપદે બિરાજ્યા. આપે સં. ૧૫૮૮ના વૈશાખ વદ-૧ના દિને શ્રીવિઠ્ઠલનાથનો લગ્ન પ્રસ્તાવ કાશીમાં કર્યો.

સં. ૧૫૯૦માં આપે પૂર્વ દેશની યાત્રા કરી અને ત્યાં ઘણા સેવકો કર્યા. સં. ૧૫૯૫માં આપ હનુમાનઘાટ પરના આપના પિતાશ્રીના ઘરમાં સ્થિર થયા. આપના માતામહ શ્રીદેવેન ભટ્ટનું નિવાસસ્થાન કાશીના પંચમઘાટ પર હતું. પોતાના ઘરે આપ મહાત્માઓ સાથે ભગવદ્ ચર્ચા પણ કરતા.

આપે સં. ૧૫૯૫ વૈશાખ સુદ-૫ના દિને કુલપુરોહિત દેવીદાસજીને તીર્થ પુરોહિત તરીકેનો લેખ કરી દીધો તથા શ્રીજગન્નાથપુરીમાં ગુચ્છીકારજીને પણ વૃત્તિપત્રક લખી દીધું. આ વર્ષમાં જ આપે લઘુબંધુ સાથે વ્રજયાત્રા કરી.

આપ પિતાશ્રીની જેમ વૈદિક અનુષ્ઠાન પરંપરાનુસાર કરતા. આપે ૧૫૯૫ની જગદીશ યાત્રા પછી સોમયજ્ઞ અને વિષ્ણુયજ્ઞ કર્યા હતા. આપ નિત્ય નિયમપૂર્વક અગ્નિહોત્રાદિ વ. વૈદિક ક્રિયાઓ કરતા તથા જપ,પાઠ અને અનુષ્ઠાન પણ કરતા હતા.

સ. ૧૫૯૯માં સેવક રાઘવદાસ સાથે આપ જગન્નાથપુરી પધાર્યા હતા ત્યાં

'જગન્નાથ'નો ઉચ્ચાર કરતા કરતા શ્રીબળદેવજીના શ્રીવિગ્રહમાં લીન થઈ ગયા.

આપના પુત્ર પુરૂષોત્તમજીનું પ્રાકટય સં. ૧૫૮૭ ભાદરવા વદ-૮ થયું. ત્યાર બાદ આપને સત્યભામાજી તથા લક્ષ્મીજી નામે બેટીજી થયા.

આપના હૃદયમાં સ્વસેવ્ય પ્રતિ ખૂબ જ ભાવ હતો તેથી તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરતાં ઠાકોરજીને જગાવવા ગયા પણ ઠાકોરજીને ભર નિદ્રામાં પોઢેલા જોઈ જગાવતાં ખચકાઈ ગયા.

આપ નિર્લોભી હતા તેથી તો ''લક્ષ્મી સહિત નારાયણ પધાર્યા છે'' તેવું ઉચ્ચારણ કર્યા પછી જ્યારે શ્રીમહાપ્રભુએ પરીક્ષા લેતાં પૂછયું કે - શું ઠાકોરજીનો વૈભવ જોઈને આપનું મન પ્રસન્ન થયું છે ? ત્યારે આપે પ્રત્યુત્તરમાં કહ્યું - આપનો થઈને શ્રીઠાકોરજીની વસ્તુમાં મન કરશે તે નિર્મૂળ થશે. માર્ગના સિદ્ધાંતના આપ આ। દૃઢ પ્રહરી હતા .

આપને ભાગવત કથા-પારાયણનો નિત્ય નિયમ હતો જેથી આપને ક્યારેક બબ્બે દિવસ સુધી ભોજનમાં વિલંબ થતો. આ જોઈને શ્રીમહાપ્રભુએ આપને માટે પુરૂષોત્તમ સહસ્ત્ર નામની રચના કરી. આપશ્રીને શ્રીમદ્‌ભાગવત કંઠાગ્ર હતું.

આપનો સમર્પણ ભાવ એવો હતો કે આપે પૂર્વ દેશની યાત્રામાંથી પ્રાપ્ત રૂા. ૧ લાખની ભેટમાંથી શ્રીનાથજી માટે સોના-ચાંદીના પાત્રો કૃષ્ણદાસ અધિકારી મારફત બનાવરાવ્યા હતા. આ પ્રસંગ, આપની શ્રીનાથજી પ્રતિનો સમર્પિતભાવ પ્રકટ કરે છે.

આપશ્રીને પિતાશ્રીની જેમ જ માર્ગના સિદ્ધાંત સ્પષ્ટ હતા. તેથી તો એકવાર વાસુદેવદાસ છકડા, લાખના ગોળામાં સોનામોહર છૂપાવી તેને શાલીગ્રામજીની જેમ પૂજતા પૂજતા આવ્યા અને ગોલો તોડી મોહોર બહાર કાઢી ત્યારે આપે વાસુદેવદાસને ટોક્યા કે પુષ્ટિભક્તિમાં પ્રતિષ્ઠા વગર પણ ભાવને કારણે સ્વરૂપ બની જાય છે. તેથી આવું ન કરવું.

આપને પોતાના લઘુબંધુ શ્રીવિઠ્ઠલનાથ પર ખૂબ સ્નેહ હતો. તેમ શ્રીવિઠ્ઠલનાથજી પણ આપનો બહુ આદર કરતા. યાત્રા દરમિયાન શ્રીવિઠ્ઠલનાથજી

મોટા ભ્રાતાને ખૂબ આદરપૂર્વક પત્ર લખતા અને આપ પણ લઘુભ્રાતાના સ્વાસ્થ્ય બાબતમાં ચિંતીત રહેતા.

ભક્તિમાર્ગમાં સેવા સાધન તથા ફળ બન્ને છે. તેવી સેવાના પ્રકાર સંબંધે સૂક્ષ્મ માહિતી આપતા ગ્રંથ સાધનદીપિકા અને સેવાશ્લોકી પ્રસિદ્ધ છે. આ આપનું માર્ગને પ્રદાન છે. જેમાં સેવાની સાથે ભાવ-ભાવના પણ પ્રકટ કરી છે.

આપ વિશેના ઉલ્લેખો બહુ જૂજ, માર્ગના સાહિત્યમાં પ્રાપ્ય છે. તેથી માર્ગના વિવેચક - ઈતિહાસવિદ શ્રીદ્વારકાદાસ પરીખ, શ્રીકંઠમણિ શાસ્ત્રીજી તથા શ્રીપ્રેમલાલ ગોવાયાના મંત્વ્યોમાં મતભેદ છે કે આપનું જન્મસ્થળ અડેલ કે સિકંદરાબાદ ? આપનું તિરોધાન સં. ૧૫૯૯ કે ૧૬૨૦ ? આપના પુત્ર પુરૂષોત્તમજીનો લીલાપ્રવેશ આપની હાજરીમાં થયો હતો કે પછી ? તેવા મત છે. કેમકે માર્ગના સાહિત્ય તેવા સંપ્રદાય કલ્પદ્રુમ, કુલ પુરોહિતને લખી આપેલ વૃત્તિપત્રો અને આપણું વાર્તાસાહિત્ય તે આધારોમાં એકમતપણું નથી.

હાલ માર્ગમાં આપના વિશે ઘણી ગેરમાન્યતા પ્રવર્તે છે જે પાયા વગરની તથા દ્વેશવશ હોય તેમ જણાય છે. કેમ કે ઉપર જોયું તેમ આપનું ચરિત્ર પુષ્ટિ ભક્તિથી સભર છે તથા શાસ્ત્રોપ્રતિનો આપનો આદર છે તથા વૈરાગ્યમય જીવન તે શ્રીમહાપ્રભુજીનો વારસો છે.

આપની પંચશતી નિમિત્તે શ્રીગોપીનાથ પ્રભુચરણને સત્ સત્ દંડવત્ પ્રણામ.

❑ ❑ ❑ ❑ ❑

તેરી નજર જિસ પર ગિરી ઉસકા સિતારા હોગયા
તેરી સૂરત દિખલા દીયી વહ તુજમેં હી પાગલ ભયા
તેરી ચમન ખૂશ્બો મિલી વહ તેરા બુલબુલ બન ગયા
વહ ઘુમકર દુનિયામેં તેરી નામ કીર્તિ ગા રહા.

(૨) શ્રીગોપીનાથપ્રભુ દ્વારા વેદાદિશાસ્ત્રો તથા વર્ણાશ્રમ ધર્મોનો ભક્તિમાં સમન્વય

શ્રીગોપીનાથપ્રભુ શ્રીઆચાર્યજીના પ્રતિબિંબરૂપ છે. ''તાત તણા પ્રતિબિંબ રસના''.

શ્રીમહાપ્રભુજીને વેદાદિગ્રંથો પ્રત્યે પૂર્વાગ્રહ હતો. આપને વેદાદિગ્રંથોને જીવીત રાખવાની અદમ્ય જીજીવિષા હતી, તે આપના તત્વદીપ નિબંધના સર્વનિર્ણય પ્રકરણના સાધન પેટા પ્રકરણમાં પ્રકટ થાય છે. આપ કહે છે વેદવ્યવસ્થા છિન્ન ભિન્ન થઈ ગઈ હોવા છતાં પણ યથા શક્ય તેનું પાલન કરતા રહેવું જોઈએ. સાથે સાથે જે કોઈ કૃષ્ણ ભજન કરશે તે આ કલિકાળમાં પણ સંસારને તરી જશે. ''અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત સદા શ્રીભાગવતમાર્ગેણ સકથંચિત તરિષ્યતિ.'' આ જ વાત 'બાલબોધ' પ્રકરણ ગ્રંથમાં કરે છે. ''સ્વધર્મમ્ અનુતિષ્ઠન વૈ ભારદ્વૈગુણમન્યથા'' વેદો ભગવાનના નિઃશ્વાસ છે તેમાં અદશ્ય રૂપે રહેલી ભક્તિને આપે પ્રકટ કરી છે. આવા વલ્લભનું આપ બીજું સ્વરૂપ છો.

શ્રીગોપીનાથજી પિતા શ્રીમહાપ્રભુજીને પિતા, ગુરુ અને ભગવદ્ તુલ્ય માનતાં તેથી મંગલાચરણમાં પ્રાર્થના કરે છે - આપની ચરણરજ મારા માટે કલ્પવૃક્ષ અને કામધેનુ સમાન ઈચ્છા પૂર્ણ કરનારી છે. આપની ઈચ્છા ભગવદપ્રીતિમાં વધારો અને ભગવદ્ ચરણોમાં દઢાશ્રય વિના બીજું શું હોઈ શકે ?

આપ સ્વસેવ્યને વંદન કરે છે. કેવા સ્વસેવ્ય કૃષ્ણ ? તો કહે છે - જેમના ચરણકમલના નખચંદ્રો શ્રુતિ અને સ્મૃતિરૂપ રત્નો સમાન ઝળહળે છે. સાથે સાથે આપ તે કૃષ્ણને યશોદોત્સંગ લાલિત પણ કહે છે. આ પ્રકારે શ્રીગોપીનાથજી શ્રુતિ-સ્મૃતિને ભક્તિ સુધી ખેંચી લાવ્યા છે.

શ્રીવલ્લભાચાર્યજી કે જે વૈશ્વાનર છે તેમનું ભૂતલ પર પ્રાકટય ભક્તિમાર્ગનો યશ પ્રકટ કરવા માટે જ છે. શ્રીગોપીનાથજી કહે છે કે શ્રીવલ્લભના વચનો જ મારા માટે મુખ્ય પ્રમાણરૂપ છે. આ વચનોથી આપની સ્વગુરુ-પિતા તેવા શ્રીઆચાર્યજી પ્રતિની નિષ્ઠા પ્રકટ થાય છે. તથા પુષ્ટિ ભક્તિમાર્ગ પ્રતિનો અહોભાવ પણ પ્રકટ થાય છે. તેથી તો અન્ય પ્રમાણોને ગૌણ ગણે છે.

શ્રીઆચાર્યજીએ વેદના સારરૂપ બ્રહ્મસૂત્રો અને તેના પરનું પણ ભાષ્ય તેવું અણુભાષ્ય પ્રકટ કર્યું. આવા શ્રીઆચાર્યજી ઉક્ત સિદ્ધાંતને આપ મુખ્ય જાણે છે. તે બતાવતાં કહે છે - ત્રણે વેદોનો શીરો ભાગ (મુખ્ય) ઉપનિષદ છે તેના પર લખાયેલ બ્રહ્મસૂત્ર ઉપર શ્રીમહાપ્રભુજીએ ભક્તિશાસ્ત્રનુંસાર ભાષ્ય લખ્યું છે જે વેદથી અવિરુદ્ધ છે અને તેનો આધાર રાખીને હું ગોપીનાથ આ સાધનદીપિકા નામક ગ્રંથ લખું છું.

આ વચનોથી આપની ભક્તિશાસ્ત્ર, વેદશાસ્ત્ર તથા શ્રીઆચાર્યવાણી પર નિષ્ઠા પ્રકટ થાય છે છતાં આપ ભક્તિને પાયો બનાવીને જ આગળ વધે છે.

આપ શ્રુતિનું વચન ટાંકતાં કહે છે કે આત્માનું દર્શન કરવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ, નિદિધ્યાસન કરવું જોઈએ. પરંતુ આ બધું પરમાત્માદર્શન માટે કરવું જોઈએ. તેમજ પરમાત્માનું ભજન કરે તો તો પ્રભુ દર્શનથીય વિશેષ તેવો પ્રભુરસાનુભવ થાય. તદુપરાંત ઈશ્વર-ભજન અભયતા પ્રદાન કરશે. આના પ્રમાણમાં આપ ગીતા-વચનોને ટાંકે છે.

આ પ્રકારે સાધનદીપિકાના પ્રકાશમાં આપ માર્ગીય સાધનથી ફળ સુધીનો માર્ગ ઉજાળે છે. આવી છે આપની વેદાદિ શાસ્ત્રોમાંથી ભક્તિને તારવી આપવાની સૂઝ.

ભગવત્ ગીતોપદેશ રૂપ સ્મૃતિશાસ્ત્ર કે જે હકિકતમાં ઉપનિષદોનો ય સાર છે. તેને ટાંકતાં આપ કહે છે - જે કોઈ અભય ઈચ્છે છે તેણે શ્રીહરિને શરણે જઈને તેમના નામ-રૂપ લીલાનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરવું. સારરૂપે આપ આજ્ઞા કરે છે કે અહંતા-મમતારૂપ સંસારમાંથી મુક્ત થવાનો ઉપાય હરિભજન જ છે. આ શ્રુતિસમુદ્રમાંથી શોધેલ ભક્તિ-મોતી છે.

ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે કે ''સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામે કં શરણં વ્રજઃ અહમ્ ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિસ્યામિ મા શૂચઃ''. એટલે કે ભક્તિથી અસંબંધિત તેવા સર્વ ધર્મોનો ત્યાગ કરીને કેવલ મારા શરણે આવ. આ ભક્તિમાર્ગીય શરણાગતિને શ્રીગોપીનાથજી પાયો માને છે.

આપ સ્મૃતિ શાસ્ત્રમાં કહેલ ષોડશ સંસ્કારોને પણ ભક્તિ સાથે જોડે છે. આપ કહે છે - ગર્ભાધાનથી શરૂ કરીને યજ્ઞોપવિત સંસ્કાર પર્યંતના બધા સંસ્કારો

વડે દ્વિજ પોતાના દેહને સારી રીત શુદ્ધ કરે તો તેવા પવિત્ર દેહમાં ભગવદ્ભાવની યોગ્યતા સિદ્ધ થશે; અન્યથા નહિ. પોતાના દેહમાં આસુરાવેશ ન આવે માટે નિત્યકર્મનું આચરણ આવશ્યક છે. જેવાં કે સ્નાન, સંધ્યા, જપ, હોમ, વેદાધ્યયન, પિતૃતર્પણ, વિશ્વદેવનું પૂજન, સાથે સાથે આપ કહે છે કે આ નિત્યકર્મ શ્રીકૃષ્ણસેવાના અંગરૂપે કરવાના છે. જેથી સર્વદેવોનું પૂજન કૃષ્ણ સુધી પહોંચે; અન્યથા તો તેવું કર્મ ત્રિવર્ગસાધક માત્ર બની રહેશે.

વળી, આપ શ્રાધ્ય, વિશ્વદેવ સંબંધિ કાર્યો તેમજ અન્ય દેવતા સંબંધિત કાર્યો, પ્રભુના મહાપ્રસાદથી જ કરવાની આજ્ઞા કરે છે. આ પ્રકારે આપે વૈદિક કર્મોને ભક્તિ સાથે જોડી આપ્યા છે. વળી, ગો-ગ્રાસ તથા ભૂતયજ્ઞ પણ ભગવત્ પ્રસાદથી જ કરવાં. આ પ્રકારે અન્ન અને આત્માનો સંસ્કાર થશે.

શ્રીમહાપ્રભુના સર્વનિર્ણય પ્રકરણ (તત્વદીપ નિબંધ)નાં વચનોને દોહરાવતાં આપ કહે છે કે કળીકાળમાં સંન્યાસ અને અગ્નિહોત્ર શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કરવાં શકય નથી છતાં પણ જેમ તેમ ધર્માચરણ કરે અને તે પણ સંશયયુક્ત થઈને કરે તો તેવું ધર્મકાર્ય વ્યર્થ છે. તેથી તેણે સ્માર્તઅગ્નિ ધારણ કરવો અન્યથા ક્લેશ પામશે અને આવો ક્લેશ ભગવદ્ સેવા-કથામાં બાધક થશે.

આશ્રમધર્મો કાળબળથી દુષ્કર બની ગયા છે. પણ ગૃહસ્થાશ્રમ જરૂરી છે કેમ કે ગૃહસ્થાશ્રમ થકી તો દેહયાત્રાના અન્ય ધર્મો, પિતૃકર્મ, પુત્રોત્પત્તિ વ. શક્ય બને છે. નિરોધલક્ષણમાં શ્રીઆચાર્યજી પણ કહે છે કે પુત્ર ભગવદ્ સેવોપયોગી બને છે.

વળી, આપ કહે છે કે - શાસ્ત્રોક્ત કર્મો નિર્લેપભાવે કરવાં. જેથી તે ભક્તિમાં બાધક ન થાય અને લોકનિંદા ન થાય અને જો સાધનદશામાં હોવા છતાં તેવાં કર્મ ન કરે તો તે દંભ ગણાશે તથા ભારરૂપ થશે.

શ્રીઆચાર્યજી પણ સર્વનિર્ણયમાં આજ્ઞા કરે છે કે વેદનિંદા કરવાથી હીનયોનીમાં જન્મ થાય છે. વેદ ગાયત્રી વ.માં પુરૂષોત્તમની ભક્તિનું બીજ છે તેમ શ્રીગોપીનાથજી આજ્ઞા કરે છે.

આ પ્રમાણે જોતાં જણાય છે કે આપશ્રીએ શ્રુતિ-સ્મૃતિ-પુરાણ વ. સર્વમાં ઉદ્બોધેલા કર્તવ્યોને તથા વર્ણાશ્રમ ધર્મોને ભક્તિ સાથે સાધનદીપિકા ગ્રંથમાં સાંકળી લીધા છે.

(૩) ગુરુ-શિષ્યનાં કર્તવ્ય

ભક્તિમાર્ગમાં ગુરુની અપેક્ષા છે. ગુરુ હોવાના કારણે પોતાની લઘુતાનું ભાન રહે છે. વળી, ભક્તિ તો કૃપા લભ્ય છે તેથી તેવા ગુરુ કે જેમના હૃદયમાં પ્રભુ બિરાજે છે તે કૃપા કરે તો ભક્તિ ફલીત થાય. અનવતારકાળમાં ભક્તિનું સ્વરૂપ - માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ છે, ત્યારે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ગુરુ છે.

પરંતુ ગુરુ કોને કહેવા ? તેનો ઉત્તર શ્રીઆચાર્યજી નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં ૨૨૭માં શ્લોકમાં આપે છે. શ્રીગોપીનાથજી પણ ભક્તિનું તથા ગુરુનું શબ્દશઃ તે જ પ્રકારે નિરૂપણ કરે છે. આપ કહે છે - કૃષ્ણસેવાને સર્વોચ્ચ જાણતા હોય, જેમનું ચરિત્ર નિર્મળ સ્ફટિક સમાન (અદંભ) હોય, જે ભાગવતના ગૂઢાર્થને સાંગોપાંગ સમજતા હોય તેવા જન ભક્તિ માર્ગીય ગુરુ તરીકે રાહબર બની શકે છે. તેવા ગુરુ પાસેથી શિષ્યે પરમ આદર તથા જિજ્ઞાસા પૂર્વક પોતાના માટે કર્તવ્યબોધ તથા સંશય નિવારણ પ્રાપ્ત કરવું જોઈએ.

આપ કહે છે સર્વ પ્રકારની મુક્તિનું સાધન ભક્તિ જ છે, જે ભક્તિ શ્રીઆચાર્યજીએ સ્વીકારેલ વ્યાખ્યા મુજબની જ છે, બીજી નહિ. આ જ વાત શ્રીગુસાંઈજીએ ભક્તિહંસમાં દોહરાવી છે.

ગુરુ શા માટે ભક્તિનું સાધન છે ? તેના પ્રત્યુત્તરમાં આપ કહે છે - ભક્તિભાવ પૂર્વક પ્રભુના ગુણ-લીલા- વ. નું. શ્રવણ કરવાથી માહાત્મ્યજ્ઞાન થાય છે. તે પ્રભુનું માહાત્મ્ય શાસ્ત્રોમાં બતાવેલ છે. શાસ્ત્રોને યથાર્થ સમજવા માટે ગુરુ જ સાધનરૂપ છે.

શિષ્ય પોતાના દેહરૂપ હોડીથી સંસાર સમુદ્ર તરવા માગે છે પણ તે માટે કર્ણધાર નાવિક ગુરુના સદ્ઉપદેશ સાંભળવાની આવશ્યક્તા છે.

આપ ઉપનિષદોનો આધાર આપીને પ્રાર્થના કરે છે કે જે ભગવાને બ્રહ્માજીને ઉત્પન્ન કરીને તેમને ગુરુરૂપે ત્રણવેદનું દાન કર્યું અને તેમની બુદ્ધિને પ્રકાશીત કરી તે પ્રભુને હું શરણે જાઉં છું.

ભગવદ્ ગીતામાં પણ ભગવાન અર્જુન માટે ગુરુ બની ને કહે છે - સર્વ ભગવદ્ ધર્મોથી વિરોધી ધર્મોનો પરિત્યાગ કરીને કેવલ મને ધર્મીને શરણે આવ.

આ પ્રભુના શરણરૂપી સાધન કળીકાળમાં સર્વશ્રેષ્ઠ છે. તેથી તો કૃષ્ણાશ્રયમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે અન્યધર્મો દુઃસાધ્ય બની ગયા છે.

કર્મોને ત્યજવા અશક્યવત્ છે તેમ ભગવાન ગીતાજીમાં કહે છે તેથી પોતાના વર્ણાશ્રમાનુસાર કર્તવ્ય-કર્મ કરવાં, નહિ તો સ્વધર્માચરણની ઉપેક્ષા અને સ્વચ્છંદાચરણ તેમ બેવડા દોષ લાગશે. શ્રીઆચાર્યજી બાલબોધમાં આ જ વાત કહે છે. નિરોધ લક્ષણમાં ઈન્દ્રિય નિગ્રહ - નિયમન કરવાનું કહેતાં કહે છે - વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃસર્વથા હરેઃ તેથી આપે ઈન્દ્રિયોને ભગવાન સાથે (યોગ) જોડવાની વાત કરી છે. શ્રીગોપીનાથજી પણ આ જ વાત સાધનદીપિકામાં કહે છે.

વળી, ગુરુમાં શ્રીહરિની ભાવના કરવી તેથી શાસ્ત્રથી અવિરુદ્ધ તેવી ગુરુઆજ્ઞાને પાળવી. તેવી આજ્ઞાના ઉલ્લંઘનનો ડર રાખવો તથા ગુરુસેવા કરી ગુરુની કૃપા પામવી. પ્રપન્ન શિષ્યને ગુરુથી જ સિદ્ધિ છે તેવો ભાવ રાખવાથી દીનતા આવશે.

ભક્ત વૈષ્ણવો પ્રતિ આદરભાવ રાખવો તેમનો યથોચિત સત્કાર કરવો. પ્રસંગોપાત તેમને તેડાવવા તેથી સત્સંગ-લાભ મળે. ભક્તના હૃદયમાં ભગવાન બિરાજે છે તેવી ભાવના રાખવી. આવા ભક્તોને સાંસારીક આસક્તિ નથી હોતી. તેથી ભૂલથી વંચકનો દુઃસંગ ન લાગે તેવી પણ કાળજી રાખવાની આજ્ઞા શ્રીહરિરાય પ્રભુચરણ કરે છે.

સત્સંગ કરવાનું કારણ ભક્તિ સિદ્ધિની અપેક્ષા છે. માટે તો ભક્તોનો સંગ, સદ્ગુરુની કૃપા અને ભાગવતશાસ્ત્રનું અધ્યયન આ ત્રણે ભક્તિસિદ્ધિમાં સહાયક છે.

ભગવદ્ ગુણગાન પણ કેવાં કરવાં કે જેથી ફળરૂપ થાય ? તે આપ બતાવે છે - ભગવદ્ માહાત્મ્યથી ભગવદાવેશ થાય, તેમ થતાં ગળું રૂંધાઈ જાય, હૈયું ભરાઈ જાય અને સ્નેહના આવેગના કારણે હાથ-પગ નાચવા લાગે. જો આવું થાય તો પ્રભુ જરૂર પ્રકટ થાય તેમાં આશ્ચર્ય શું છે ?

આમ, આ આલેખમાં ભક્તિ સિદ્ધિ થવામાં કારણરૂપ ગુરુ કેવા જોઈએ અને શિષ્યે કેવાં કર્તવ્ય બજાવવા જોઈએ તે શ્રીગોપીનાથજીના સાધનદીપિકા ગ્રંથના આધારે આપણે જોયું.

(૪) ભક્તિમાર્ગમાં નિષિદ્ધ અકર્તવ્ય

શાસ્ત્રો તો વિધિ અને નિષેધ રૂપ બન્ને કર્તવ્યો બતાવે છે. જેમાં વિધિપૂર્વક કરવાનાં કર્તવ્યો તો યથાસામર્થ્ય કરતાં કરતાં આગળ વધવાનું છે પણ જ્યાં નિષેધ કર્યો છે તે તો અકર્તવ્ય જ છે. નિષિદ્ધ કર્તવ્યનું ઉલ્લંઘન કરવાથી ભક્તિમાર્ગમાંથી પતન થાય છે.

શ્રીગોપીનાથ પ્રભુ આજ્ઞા કરે છે કે -

૧. અવૈષ્ણવની સાથે ન રહેવું અને કદાચ રહેવા માટે લાચાર સ્થિતિ હોય તો પણ તેમનો સંસર્ગ તો ન જ કરવો કેમ કે સંસર્ગમાં નજીકી હોવાથી આપણા ન ઈચ્છવા છતાં સંગદોષ થાય છે પરંતુ એવું બને કે ન ઈચ્છવા છતાં સંગદોષ થાય છે. પરંતુ એવું બને કે ન ઈચ્છવા છતાં કોઈ એવું ભેટી જાય તો શું કરવું ? તેનો ઉપાય બતાવતાં આપ કહે છે ''હરિનું ધ્યાન ધરવું''. હરિને શરણાગત થઈને ચિત્ત તેમનામાં જ સ્થિર રાખવું જેથી દોષ આપણામાં પ્રવેશવા અસમર્થ થઈ જશે. ભગવાન ગીતાજીમાં ચેતવે છે - સંગાત્ સંજાયતે કામ... બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ.

૨. મનુષ્યના દુઃસંગ પછી હવે દેવનો દુઃસંગ ન થાય તે માટે આપ આજ્ઞા કરે છે કે - આ માર્ગ અનન્ય આશ્રયનો છે. તેથી અન્ય દેવ પાસે જવું નહિ અને જવાનો પ્રસંગ આવે તો તેમનું ભજન તો કરવું જ નહિ પણ માત્ર આદર આપવો.

શ્રીઆચાર્યજીએ પણ વિવેક-ધૈર્યાશ્રયમાં આ જ વાત કરી છે. ''અન્યસ્ય બ્ભજનંતત્ર સ્વતોગમનમેવ ચ''. શ્રીગોપીનાથજી પ્રભુચરણોએ આ નિશિદ્ધ બાબતોને અર્તવ્ય ગણાવી છે.

(૫) સેવામાં શુદ્ધિનો વિચાર

શ્રીગોપીનાથજી પ્રભુચરણ પોતાના સ્વામીનું માહાત્મ્ય પ્રકટ કરવા માટે શુદ્ધિનો ઉપાય બતાવે છે અને માહાત્મ્યથી પ્રેમ પ્રગાઢ બને છે.

આપ કહે છે સ્નાન કર્યા પછી ફરી કરાતું સેવાર્થ સ્નાન દેહશુદ્ધિ છે, જે મંત્રથી થાય છે. સેવા તો આપણું આધિભૌતિક - દેહસંબંધિ કર્મ છે. તેથી શરણમંત્ર સહિત સ્નાન ફરીથી કરવાનું કહ્યું છે. તે જ રીતે હસ્તપ્રક્ષાલન બાબતમાં શુદ્ધિ જાળવવી.

પાત્ર-વસ્ત્રો : આપણા અને પ્રભુને ઉપયોગી બન્ને વસ્ત્ર કે પાત્રોને ભેગાં ન કરવા. ભેગાં માંજવા કે ધોવા નહિ કેમ કે ભગવત્ સંબંધિ ચિજો ભગવદ્રૂપ છે તેને આપણી અશુદ્ધ ચીજોનો સ્પર્શ થાય તો મહાદોષ લાગે.

ધોબીની વાર્તામાં આવે છે કે ધોબી શ્રીનાથજીના વસ્ત્રોને પછાડીને ન્હોતો ધોતો પણ પોતાના હાથમાં જ કાળજીથી મસળીને ધોતો હતો.

અન્ય શુદ્ધિ બાબતે : અનુભવી વૈષ્ણવ તથા માર્ગીય પરંપરાને ધ્યાનમાં રાખવાની આજ્ઞા છે.

શુદ્ધ-ઉત્તમ વસ્તુ પ્રભુને લાયક છે તેથી સૌ પ્રથમ તે પ્રભુને સમર્પવી નિવેદિભઃ સમર્પ્યૈવ સર્વમ્ કુર્યાદ્ (સિદ્ધાંત રહસ્ય).

વળી, શાસ્ત્રાનુસાર સ્નાન, પાન, પ્રક્ષાલન માટે બે મોઢાવાળા પાત્રનો ઉપયોગ કરવો કેમ કે તેવા પાત્રને શુદ્ધ માન્યું છે. (વહેતા જળની જેમ).

ધોએલા સુતરાઉ કપડાં તથા નવા રંગેલા કપડાંને શુદ્ધ માન્યા છે. જે કૂવા-વાવમાંથી બ્રાહ્મણો જળ લેતા હોય તે જળસ્થળને શુદ્ધ માન્યા છે.

ગામબહાર બગીચામાં બનાવેલ અતિથિ નિવાસને શુદ્ધ માન્યા છે. આમ જલ-સ્થળ-પાત્ર-વસ્ત્ર-સ્નાન બાબતે શુદ્ધિ બતાવીને હવે દિનચર્યામાં શુદ્ધિ બતાવે છે.

સૂર્યોદય પહેલાં જાગવું તે શુદ્ધિ છે. ત્યાર પછી દંતધાવનથી મુખશુદ્ધિ કરવી. મલોત્સર્ગ પછી કોગળા કરીને મળશુદ્ધિ કરવી. ઘરમાં હુંફાળા જળથી

મલસ્નાન કરીને અશુદ્ધિ દૂર કર્યા પછી યમુનાજળથી અથવા સ્નાનમંત્રના ઉચ્ચાર પૂર્વક સ્નાન કરવાથી દેહશુદ્ધિ થશે ત્યાર બાદ શુદ્ધ રેશમી વસ્ત્ર કે ધોયેલાં સુતરાઉ વસ્ત્ર પહેરીને અશુદ્ધિ ન લાગે માટે પગમાં પાદુકા પહેરીને બહારથી ઘરમાં આવવું. રસ્તામાં પણ કોઈનો સ્પર્શ ન થાય તે જોવું. ત્યારે બાદ ગોપીચંદનથી મુદ્રા તથા પ્રસાદી કુમકુમથી તીલક-મુદ્રા કરવા. આ ભગવત્ સેવોપયોગી આધ્યાત્મિક શુદ્ધિ છે.

પ્રભુના ચરણામૃત જલનું આચવન કરી, શરીર પર લેપ કે છંટકાવ કરવો.

આ પ્રકારે સેવામાં શુદ્ધિનો પ્રકાર શ્રીગોપીનાથજીએ બતાવ્યો.

* * *

જબ તુ પ્રભુ સબ મેં રહા તબ કૌન મેરા સ્થાન હૈ
ફિર ‘મૈં કિયા અહંકાર કરના’ વોહી તો અજ્ઞાન હૈ
મૈં નાથ તેરા અંશ હું તુ એક અંશી મહાન હૈ
તેરી સ્વયં ઈચ્છાસે મેરે જીવન નાટ્ય વિધાન હૈ

યહ વિશ્વ નાટક ભૂમિકા તૂ સૂત્રધાર મહાન હૈ
સબ જીવ નાટક પાત્ર વિધવિધ સ્વાંગ યા અભિધાન હૈ
તેરી પ્રસન્નતા કે લિયે સબ ગાન-તાન વિધાન હૈ
જો સ્વાંગસે તુમ પ્રસન્ન હો તબ જીવકા કલ્યાણ હૈ

(૬) વૈષ્ણવનો લૌકિકી વ્યવહાર

શ્રીગોપીનાથજી એ પણ સ્વીકારે છે કે બધાં વૈષ્ણવો પહેલેથી તાદશી પ્રકારના નથી હોતા. તેથી તેમની સાધનદશામાં જીવન કેવું હોવું જોઈએ ? કે જેથી તે જીવન તેના અલૌકિક વ્યવહારમાં ઉપકારક બને.

આપ આજ્ઞા કરે છે - ઘરે આવેલા વૈષ્ણવનું પોતાની શક્તિ અનુસાર સમાધાન કરવું. તે જ રીતે અભ્યાગત બ્રાહ્મણ, ગરીબજનોને પણ યથો ચિત દાન-દક્ષિણા કે મહાપ્રસાદ વ. આપવાં. તથા મહાપ્રસાદથી જ વૈશ્વદેવ વગેરે કરવા. ત્યાર બાદ પોતાના પરિવારજનો સાથે પ્રભુનો મહાપ્રસાદ લેવો.

ત્યાર બાદ જીવન વ્યવહાર ચલાવવા માટે ઉપયોગી તથા અનિવાર્ય હોય તેટલી તથા જે વાતોથી ચિત્તને ઉદ્‌વેગ ન થાય તેવી વાતચિત્તો ઘરના પરિવારજનો સાથે કરવી પરંતુ તેમાં મનનો લગાવ ન રાખવો.

ધનસંપન્ન ન હોય તેને એક સમય સેવા કરી, બાકીના સમયમાં આજીવિકા કરવી કે જે શાસ્ત્રાનુસાર નિષિદ્ધ ન હોય. વળી, રાત્રે ભવગલ્લીલા શ્રવણ-કીર્તન કરવું અને તે ભાવન કરતાં કરતાં શયન કરવું.

પત્ની જો પુત્રની કામનાવાળી હોય તો પોતાની ઈન્દ્રિયો અસંયત ન બની જાય તેવી ભાવનાથી તેની પાસે જવું.

આ પ્રકારે ભૂતલ પર વૈષ્ણવે લૌકિક વ્યવહાર કરવો. તો તે તેની ભક્તિમાં બાધક નહિ થાય.

(૭) સેવ્યસ્વરૂપ અને સેવાનું સ્વરૂપ

સેવ્યસ્વરૂપ : પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પ્રભુની અંગસૃષ્ટિ હોવાથી તેણે સેવા અવશ્ય કરવી. તે માટે ગુરુ પાસેથી પ્રાપ્ય પવિત્ર, સુકુમાર અને અતી સુંદર તેવા ભગવત સ્વરૂપની સેવા કરવી. શ્રીયમુનાજી જેવા શ્રેષ્ઠ તીર્થજળથી સંપ્રદાય પરંપરાથી પ્રાપ્ત થયેલ નિજમંત્રથી જેનો સંસ્કાર કરેલ હોય તેવા સુંદર મનોહર, બહુ મોટા નહિ તેવા ભગવત્ સ્વરૂપની સેવા સહજતાથી ઉપલબ્ધ વસ્તુઓથી કરવી. પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે કરાડો તૂટયો તેમાંથી શ્રીમથુરાનાથજી પ્રકટયા તે તાડ જેવડા મોટા હતા. મહાપ્રભુજીએ તેમને વિનતી કરી ''ગોદમાં બિરાજી શકે તેવડા થાઓ તો સેવા થઈ શકે''. પદ્મનાભદાસે પોતાની પાસે સહજમાં જે ઉપલબ્ધ (છોલા) હતું તેનાથી સ્વસેવ્યને પ્રસન્ન કર્યા.

જેઓને સેવાવિધિનું જ્ઞાન ન હોય કે પોતે પરાધીન હોય કે સીમીત ધન હોય કે સમયનો અભાવ હોય તેવાએ ચિત્ર સ્વરૂપની સેવા કરવી. ચિત્રસ્વરૂપમાં શૃંગાર વગેરે ચિત્રીત હોવાથી ભાવાત્મક રીતે પોતે ધર્યા છે તેવી ભાવના કરવાની હોય છે. તેવા સંજોગોમાં જુદા શૃંગાર કરવાની કે સ્નાનાદિ કરાવવાની આવશ્યકતા નથી.

પુષ્ટિભક્તિમાર્ગમાં સ્વસેવ્ય શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપક તથા અપ્રાકૃત હોવાની દ્દઢ સમજ છે તેથી તેમાં પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ આવશ્યક નથી માની. તેથી ભાવપ્રતિષ્ઠા (પુષ્ટાવવા) કરાવાય છે.

આવા પોતાના સેવ્ય સ્વરૂપનો કોઈ અપવિત્ર સ્પર્શ, હસ્ત કે દૃષ્ટિથી થઈ જાય એટલે કે કોઈ અશુદ્ધિ અડકી જાય કે અવૈષ્ણવ દર્શન કરી જાય તો પોતાના સેવ્યની શુદ્ધિ પંચામૃત સ્નાન, હોમ, દાન અને વૈદિક કર્મોથી કરવી.

ગુરુ સેવ્યસ્વરૂપ પધરાવી આપે કે પોતાને ક્યાંકથી પ્રાપ્ત થયું હોય તેવા ભાગવદ્સ્વરૂપની સેવા કરી શકાય છે. અગર સ્વરૂપ ખંડિત થઈ ગયું હોય પણ જો ભાવ અખંડિત હોય તો પણ તેવા સ્વરૂપની સેવા કરી શકાય છે.

સેવાનુ સ્વરૂપ : પ્રાતઃકાળથી આરંભીને મધ્યાન્હ પર્યંત તથા સાયંકાળે પણ તત્ તત્ લીલાની ભાવના સહિત સેવા કરવી. દેશ-કાળ-દ્રવ્ય સંબંધિ પોતાની

અનુકૂળતા મુજબ પ્રાપ્ત થયેલ ઉત્તમ વસ્ત્ર, આભૂષણ, અત્તર, ચંદન, કેસર, ગુલાબજળ, વગેરે સુગંધીત પદાર્થો તેમજ વિવિધ પ્રકારની આરોગવાની સામગ્રીથી સ્વપ્રભુની સેવા કરવી. (સર્વથા) આ સેવા સમસ્ત જીવન પર્યંત કરવી (સર્વદા) તથા એક નિષ્ઠાપૂર્વક પ્રેમ સહિત કરવી. તેનાથી ભક્તિભાવ દૃઢ થાય છે અને ભક્ત કૃતાર્થ થાય છે.

કૃતાર્થં સ નિગદ્યતે (ભક્તિવર્ધિની)

આ પ્રાકરે સેવ્ય સ્વરૂપ અને સેવાનું સ્વરૂપ શ્રીગોપીનાથજીપ્રભુએ સાધનદીપિકા ગ્રંથમાં પ્રકટ કર્યું.

❑ ❑ ❑ ❑ ❑

તૂ સર્વવ્યાપક હૈ પ્રભુ ઐસી પ્રતીતિ જ્ઞાન હૈ
તૂ જો કરે વહ શ્રેયકર ઐસી સમજ વિજ્ઞાન હૈ
તેરે સિવા કુછ ઔર હૈ ઐસા કથન અજ્ઞાન હૈ
તેરી કૃપા બિન મૈં ને કિયા કથન વહ અભિમાન હૈ

પ્રભુ મૈં તો તેરા તુઝસે હી તેરે સ્વરૂપમેં મૈં રહા
તેરા સનાતન અંશ મૈં બુદબૂદ સિંધુમેં રહા
તુ સ્વામી મેરા પરમ હૈ મૈં તો અણુ સેવક રહા
તેરે સિવા સબ જીવકી ફીર જગતકી હસ્તિ કહાં

– શ્રીવલ્લભજી મહેતા

(૮) દ્વિજેતર અને સ્ત્રીઓને કર્તવ્ય બોધ

શ્રીગુસાંઈજી સર્વોત્તમસ્તોત્રમાં શ્રીઆચાર્યજીને સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ કહે છે. શ્રીગોપીનાથજી પણ સાધનદીપિકામાં આજ બાબતને સૂક્ષ્મતાથી કહે છે. દ્વિજેતર એટલે કે શુદ્ર તથા સ્ત્રીઓ અને અવર્ણ તેઓને માટે શાસ્ત્રીય અધ્યયન કે વિધિ પ્રતિબંધિત છે પરંતુ જેમ શ્રીનાથજી, ચંદ્રસરોવર પર વિરહમાં બિરાજેલા ગુસાંઈજીને પાછળની બારીમાંથી પ્રેમવશ નિહારતા હતા તે જ રીતે ભક્તિમાર્ગમાં પણ નાનકડી પ્રેમબારી છે જ્યાંથી પુષ્ટિપ્રભુ ભક્ત સ્ત્રી-શુદ્રોને નિહારે છે. શ્રીગોપીનાથજી તે બારી પ્રતિ અંગુલી નિર્દેષ કરે છે. તદુપરાંત આપ તેઓને કર્તવ્ય બોધ પણ કરે છે જેથી વેદમર્યાદા પણ સચવાય.

દ્વિજેતર શુદ્રોએ-અવર્ણોએ -

૧. જીવ હિંસા કે શાસ્ત્રથી નિષિદ્ધ તેવા કાર્યોથી આજીવિકા ન કરવી.
૨. નિષિદ્ધ ભોજન ન કરવું.
૩. મોટા જનોની કૃપા પ્રાપ્ત કરીને દીનતાપૂર્વક ભગવદ્સેવા કરવી.
૪. ભગવદ્ભક્તો અને ગાયોનું હિત થાય તેવા કાર્ય કરવા.
૫. ભગવદ્ભક્ત દ્વિજોની પરિચર્યા કરવી.
૬. દાન-વ્રત-તર્પણ-પિતૃકાર્ય કરવા.
૭. શુદ્ધિ, પવિત્રતા તથા યથાલાભ સંતોષનો ભાવ રાખીને ચિત્તને શાંત રાખવું.
૮. દ્વિજોપ્રતિ ઈર્ષ્યાભાવ કે હરિફાઈ ન કરવી.
૯. શાસ્ત્રોએ જે કાર્ય કરવા માટે મના કરી છે તેવાં કાર્યો દીનતાપૂર્વક ન કરવા પરંતુ હરિગુરુના દાસ થઈને શરણાગત ભાવે રહેવું.

સ્ત્રીઓનાં કર્તવ્ય :

૧. ચિત્ત અને ઈન્દ્રિયો પર સંયમ, પવિત્ર આચરણ તેમજ સાધુ સ્વભાવ રાખવો.
૨. સૌભાગ્યવતી સ્ત્રીએ પતિભાવથી તથા વિધવા સ્ત્રીએ પુત્રભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરવો.
૩. પરિવારજનો અનુકૂળ હોય તો કૃષ્ણસેવા કરવી અન્યથા પ્રભુનાં શ્રવણ-કીર્તન-સ્મરણ કરવા. કેમ કે જો પરિવારજન અનુકૂળ ન હોય છતાં સેવા

કરે તો લોકમાં નિંદાપાત્ર બને છે તેથી ''ભગરદીચ્છા બળવાન છે'' તેમ જાણી ધૈર્ય રાખીને આંતરભજન કરવું.

૪. ભગવદ્‌પારાયણ વૈષ્ણવો કે ઉત્તમ ગુરુની સેવા-પરિચર્યા કરવી.

૫. સેવાની અનુકૂળતા ન હોય તો ગુરુ આજ્ઞા પ્રમાણે ચિત્રસેવા પણ કરી શકે છે. જેમ યજ્ઞપત્નીઓએ બ્રાહ્મણોની અનીચ્છા છતાં ભગવાન માટે ભોજન આપ્યું હતું.

૬. સ્ત્રીઓ કોમળ હૃદયવાળી હોવાથી તેમનો પ્રભુ પ્રતિ અનુરાગ વિશેષ જલ્દીથી પ્રકટ થાય છે પરંતુ સ્ત્રીઓમાં કામભાવ વિશેષ હોય છે, તેના પર જો વિજય મેળવે તો નિર્ગુણપ્રભુમાં પ્રીતિ સહજ થઈ જાય છે.

૭. રજસ્વલા, પ્રસુતા, સુતકી કે અપવિત્ર અવસ્થાવાળી સ્ત્રીએ સેવ્ય પ્રભુ સ્વરૂપના દર્શન-સ્પર્શ ન કરવા.

શ્રીગોપીનાથજી આશ્વાસન આપતાં આજ્ઞા કરે છે કે જે કોઈ દ્વિજેતર કે સ્ત્રી આ પ્રકારે કર્તવ્યપાલન કરશે તેને પ્રભુ સાનુભાવ થવામાં આવું જીવન પ્રેરક બનશે, તેમ સાધનદીપિકા થકી બતાવે છે.

❑ ❑ ❑ ❑ ❑

સબ શાસ્ત્રકા તૂ સાર હૈ પ્રભૂ એક સાધન સાધ્ય તૂ
ભગવંત પૂર્ણસમસ્ત તૂ ફિર દેશકાલ અબાધ્ય તૂ
તૂ પ્રેમપૂર્ણાનંદ હૈ સબ જીવ કે આરાધ્ય તૂ
પરબ્રહ્મ પૂરૂષોત્તમ પરાત્પર પરમ આત્મા આદ્ય તૂ

(૯) પ્રપતિમાર્ગસ્થને કર્તવ્ય બોધ

જે પોતાને ધર્મ-અર્થ-કામની લૌકિકતામાંથી મુક્ત કરવા ઈચ્છતો હોય તેવા દ્વિજે ષોડશ સંસ્કારથી પવિત્ર થઈને ભક્તિમાર્ગીય ગુરુને શરણે જવું અને દ્વિજેતરોએ સદાચાર પરાયણ રહીને ગુરુને શરણે જવું. નિજ સંપ્રદાયમાં શ્રદ્ધાવાને કૃષ્ણનામ મંત્રની દીક્ષા સુયોગ્ય આચાર્યવંશજ પાસેથી લેવી અને ભાલમાં કુમકુમ ઉર્ધ્વપિંડ તિલક તથા ગળામાં તુલસીકાષ્ઠની કંઠી સદા ધારણ કરવી.

પૂર્વના અવૈષ્ણવી આચાર ત્યજવા. જીવહિંસાથી થતા કર્મો કે કામ્યકર્મો ત્યજવા. કૃષ્ણ સિવાય અન્ય દેવોની પૂજા-અર્ચના ત્યજવી. વૈષ્ણવમાર્ગથી વિપરીત તેવા નિત્ય કે નૈમિતિક શાસ્ત્રીય કર્મો અને લૌકિકકાર્યો ત્યજવા.

પ્રભુ સંબંધિત શ્રવણ-કીર્તનમાં તત્પરતા રાખવી. ભગવદીયો પાસેથી પ્રભુના નામ-ગુણ-લીલાનું શ્રવણ કરવું તથા પોતે શ્રવણ કરીને તેનું કીર્તન બીજા સમક્ષ કરે તો શ્રવણ દૃઢ થશે. સત્પુરૂષોના સંગના અભાવમાં માર્ગીય ગ્રુથોનો સંગ કરવો. તેજ રીતે જે શ્રવણ કર્યું છે તેનું તથા ભગવદ્ સ્વરૂપનું સ્મરણ કરવું. સમગ્ર જગતમાં ભગવદાત્મકતાનો ભાવ રાખવો અને પોતાનામાં દીનતાપૂર્વક ભગવદંશનો ભાવ રાખવો, તે પ્રકારે પ્રભુને વંદન કરવા. આમ, શ્રવણથી દાસ્યભાવ સુધીની ભક્તિનું સારી રીતે અનુસરણ કરવાથી પ્રભુ શરણાગતિ સિદ્ધ થાય છે.

વ્રતની બાબતમાં વેધવાળી એકાદશી, જ્યંતિ, વિષ્ણુપંચક, વ્રતોત્સવનો ત્યાગ કરવો પરંતુ ઉદયાત તિથિ પ્રમાણે વ્રતોત્સવ વગેરે કરવા. વરસમાં આવતા ઉત્સવો, મનોરથ ઉત્સવ પોતાની સાધન સંપત્તિ, સ્વાસ્થ્ય, સમય વગેરેની અનુકૂળતા હોય તે પ્રમાણે પ્રભુ સાથે અવશ્ય મનાવવા.

વૈદિક કાર્યો, શ્રાદ્ધ, વિશ્વદેવ કે દેવતા સંબંધિ, શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કરવાનાં કાર્ય પ્રભુના મહાપ્રસાદથી જ કરવા. તેથી પિતૃ તથા દેવતાઓને વિશેષ તૃપ્તિ થશે. ગોગ્રાસ વગેરે ભૂતયજ્ઞ પણ મહાપ્રસાદથી કરવા તેથી અન્ન અને આત્મા બન્ને સંસ્કારીત થશે.

બ્રાહ્મણ, ગાય અને ભગવદ્ ભક્ત પ્રભુને પ્રિય હોવાથી તેમનો યથોચિત ભાવ રાખી ઉપચાર કરવા.

જગન્નાથપુરી, દ્વારકાપુરી, વ્રજમંડળ વગેરે ભગવત્સ્થાનો કે જ્યાં સતત પૂજા પ્રવાહ ચાલે છે ત્યાં પ્રભુપરાયણ થઈને રહેવું. ગંગાજી વગેરે શ્રેષ્ઠ તીર્થોમાં ચિત્ત દુષિત ન થાય તે પ્રકારે ભક્તોથી અંતર રાખીને રહેવું તથા ભાગવત પુરાણ વગેરેના પાઠાદિમાં તત્પર રહીને પ્રભુભજન શ્રવણાદિ કરવાં.

જેમ ઉર્ધ્વપુંડ્ર તીલક, ગોપીચંદનથી અંકિત મુદ્રા અને તુલસીકાષ્ઠની કંઠી પુષ્ટિભક્તના બાહ્ય લક્ષણો છે તેમ શાંતિ અને વિરક્તિ તે આંતર્લક્ષણ છે. તેથી અંદર બહારની ઈન્દ્રિયો પર સંયમ રાખવો. કષ્ટ સહન કરવા, શાસ્ત્રીય સદાચારનુસાર પવિત્રતા રાખવી. ધૈર્ય, ક્ષમાશિલતા, સરળતા, દયા, દાન, તત્વજ્ઞાન, શ્રદ્ધા વગેરે દૈવીજીવોના ગુણો છે.

આવા લક્ષણો થાય તે માટે પ્રયત્નશીલ પ્રપન્ન વૈષ્ણવની ભગવદ્ભક્તિ દઢ નિષ્ઠાવાળી થશે.

❑ ❑ ❑ ❑ ❑

ઉપમા ન મિલતી આપકી પ્રભુ આપ જૈસા આપ હૈ
પ્રભુ આપકા ગુણ જન્મ અદ્‌ભૂત દિવ્ય કર્મ કલાપ હૈ
પ્રભુ આપકી કરૂણા નજર સે પાપી ભી નિષ્પાપ હૈ
સબ લોક જીવન ચલ રહા વહ આપકા હી પ્રતાપ હૈ

ઉત્તમકુલ અવતાર કહા જો વલ્લભરાજકુમાર ન જાન્યો
ચરચા ન કીની વરવલ્લભકી રચિ પાખંડ કીયો બહુ બાનો

(૧૦) તાદશી વૈષ્ણવનાં લક્ષણ, આચાર, ફલાધિકાર

શ્રીગોપીનાથ પ્રભુચરણ સ્વરચિત સાધનદીપિકા ગ્રંથમાં તાદશી વૈષ્ણવના લક્ષણો, તેમની પ્રભુ પ્રતિની ફરજ અને પ્રભુ તરફથી તેમને ફલાધિકાર વગેરે બતાવે છે.

આવા ભક્તની અવસ્થા જ એવી થઈ ગઈ હોય છે કે ભગવદાવેશને લીધે પ્રભુકીર્તનગાન કરતાં તેમનો કંઠ ગદ્ગદિત થઈ જાય છે, સ્મરણ કરતાં હૈયું ભરાઈ આવે છે અને સહજ જ તેમના હસ્ત-ચરણ નૃત્ય કરવા લાગી જાય છે. આવા ભક્તોને ભગવાનની રચેલી માયા પણ બાધા નથી કરી શકતી. આ ભક્તો ભગવદ્લીલામાં પ્રભુની અંગસૃષ્ટિ રૂપે છે તેવો તેમને અહેસાસ છે. પ્રભુએ તેમનું પોતાના ભજનાનંદનું દાન પુષ્ટિ પ્રકારે કરવા જ પ્રકટાવ્યા છે. આવા ભક્તની મતિ લોક અને વેદમાંથી હરિને ભગવાનમાં જ સ્થિર થઈ ગઈ હોય છે. તેમનું જીવન પણ આદર્શ લોકસંગ્રહ રૂપ હોય છે. આથી આવા ભક્તો પરોપકારી (માધવદાસ કાશ્મિરીએ શેઠના છોકરાને જીવતો કર્યો, પદ્મનાભદાસે ક્ષત્રાણીને પોતાના ચરણામૃતથી બેટો આપ્યો) પણ હોય છે - આવા ભક્તોને ભગવાન ચાહે છે.

આવા ભક્તો ગુરુએ આપેલ મંત્રમાં બુદ્ધિને સ્થિર કરીને હૃદયથી ભગવલ્લીલામાં મગ્ન રહે છે અને તેવા સ્તોત્રો (પરિવૃઢાષ્ટકાદિ)થી સ્તુતિ કરે છે.

તેમને પ્રભુ, વ્રજભક્તોને આપ્યું તેવું રતિરાસરૂપ ભજનાનંદનું દાન કરે છે. આવા ભક્તોને આ દાન પ્રભુ કંઈ સાધનથી નથી કરતા પણ પ્રભુ સ્વેચ્છાએ કરે છે કેમ કે પ્રભુએ તેમનું તે પ્રકારે વરણ કર્યું છે.

આવા ભક્ત ભગવાનથી સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટા પડવાનો અપાર સંતાપ સતત સહેતા રહેતા હોય છે અને આ સંતાપની નિવૃત્તિ માટે પોતાનું જે કંઈ છે તે પ્રભુને સમર્પિત કરી તેમનામાં જ વિનિયોગ કરાવી દે છે અને તે પ્રભુ સિવાય અન્ય કોઈનો આશ્રય કરતા નથી. પોતે જેને પોતાનું તથા જેને ઈષ્ટ માને છે તે બધું જ તે ભગવત્સેવાર્થ નિવેદિત કરે છે.

આવા ભગવદીઓ ભાગવત્ધર્મને જાણીને (માહાત્મ્યજ્ઞાન પૂર્વક) તેનાથી ઉત્પન્ન થયેલ સ્નેહ પૂર્વક ભગવાનમાં મનનો પરિનિવેશ કરે છે (માનસી/ નિરોધ) તેવા ભક્તો અને ભગવાન વચ્ચે માયા રહેતી નથી.

ભગવાનના એકાદશ સ્કંધમાં યોગેશ્વરોએ જે ભક્તિનો પ્રકાર બતાવ્યો છે - કે જે અનુસાર જીવ પ્રભુપ્રતિ કર્તવ્ય પરાયણ રહે અને તેવા લક્ષણોવાળો થાય તો પ્રભુ તેને અલભ્ય તેવા રતિરાસરૂપ ભજનાનંદનું દાન સ્વયં કરે છે.

* * * * *

ઈસ જિંદગી મેં નૂર હૈ વહ આપકા હી પ્રસાદ હૈ
પ્રભુ આપ આદિ પૂરૂષ હો સબ આપકી ઔલાદ હૈ
પ્રભુ આપકે હી સબબસે ઈસ જગતકા આહલાદ હૈ
જો આપકો નહિ જાનતા વહ માયા સે બરબાદ હૈ

જબ હૈ તુમ્હારે સે સભી સબ અલ્પ તૂહી મહાન હૈ
સબકે નિયંતા નાથ તૂં ફીર અહમ્કા ક્યા સ્થાન હૈ
મૈં ને કિયા મૈં હી કરુંગા વોહી તો અજ્ઞાન હૈ
નહિ જાનતે તૂમ કો વહી નાદાન હૈ હૈરાન હૈ

(૧૧) સેવા તથા કથાનો પ્રકાર

શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવો માટે ભગવત્પ્રાપ્તિનો ઉપાય સેવા કથા અને કથા બતાવ્યો છે કે જેનાથી તેને ભક્તિ થતાં તે પ્રભુનો પ્રિય બની જાય છે અને પ્રભુના સ્વરૂપાનંદ તથા લીલાનુભવ પામે છે.

શ્રીગોપીનાથજીએ પોતાના સાધનદીપિકા ગ્રંથમાં સેવા અને કથાનો પ્રકાર વિગતે બતાવ્યો છે.

આપ કહે છે કે સ્વસેવ્યની સેવા સ્વપરિવાર સાથે સ્વતનુથી (પગે ચાલીને) દીનતાપૂર્વક (સ્તુતિ-પ્રણામ કરીને) શરૂ કરવી.

શુદ્ધિ ઉત્તમ ધાતુના પાત્રો માંજીને અને માટીના પાત્રો લીંપીને શુદ્ધ કરવા.

પ્રભુને જગાવતાં પહેલાં જ મગંલભોગ, જલપાનનાં ઝારીજી વગેરે વસ્તુ સાજી રાખવી. ત્યાર બાદ પ્રભુને જગાવીને, આચવન મુખવસ્ત્ર કરાવીને વસ્ત્રાદિ વ્યવસ્થિત કરીને સિંહાસન પર બિરાજાવવા. મંગલભોગમાં તાજું માખણ-ઠોર-મઠરી વગેરે પકવઅન્ન તથા સુમધુર તાજું જલ સમર્પવું.

તે પછી ભોગ સરાવીને બીડાં સમર્પવા. તથા યથોચિત સમયાનુસાર વાદ્ય સહિત મંગલાના કીર્તન કરવા - મંગલ આર્તી કરવી.

ત્યાર બાદ સુગંધિત ઉત્તમ ઋતુઅનુસાર દ્રવ્યોથી અંગોને ચોળવાં જેવાં કે સુગંધિ, તેલ, આંવળા, ચંદન, કેસર વગેરે શ્રીયમુનાજીની ભાવનાથી તેમની સ્તુતિ કરીને ઘરમાં જ પ્રભુને શ્રીયમુનાજલથી (ભાવાત્મક) સ્નાન કરાવીને અતીકોમળ સુતરાઉ વસ્ત્રથી અંગને પોંછવા.

ત્યાર બાદ ઋતુકાળ અનુસાર રંગીન વસ્ત્ર કે છાપેલાં વસ્ત્ર, વિવિધ આભરણ, સુંદર મોરપીચ્છનો મુકુટ, બંસી-છડી, સુંદર માલા, નવીન નવીન આભૂષણોથી પ્રભુના શૃંગાર કરવા. ઉજવલ ચંદરવા, બિછોના, પીછવાઈ તથા જલક્રિડાની વસ્તુઓ પણ સજાવવી. તે પછી નૃત્ય-ગીત-વાદ્ય સહિત ધૂપ-દીપ-આરતી કરતી વખતે નિજજનો-ભક્તો હાજર હોય તો તેમને દર્શન કરાવવા.

ત્યારબાદ ઉત્તમધાતુના પાત્રોમાં વિવિધ પ્રકારના લેહ્ય, ચોષ્ય, પેય તેમજ ખાદ્ય પ્રકારનાં શુદ્ધ સ્વાદિષ્ટ ભોજનથી પૂર્ણ પાત્રો પ્રભુ સન્મુખ પધરાવવા.

ત્યારબાદ મંત્રના ઉચ્ચાર પૂર્વક શંખના જલથી ભોગના પાત્રોમાં તુલસી પધારવીને પ્રભુને ભોગ આરોગવા માટે વિનતી કરવી.

ત્યારબાદ ભૂતયજ્ઞરૂપે ગોગ્રાસ બહાર આપી નિયમાનુસાર બાકી રહેલા જપ વગેરે કરવા.

સમય થયે પ્રભુને આચમન કરાવી બીડાં સમર્પીને પુષ્પમાલ સમર્પવી. સમર્પેલ ભોગને સરાવીને તે સ્થાનને શુદ્ધ કરવું. પ્રભુને આરોગાવવાની જલની ઝારી ખાલવીને નવી ભરવી.

પછી પ્રભુને દર્પણ દેખાડી ચામર-પંખા કરવા તથા નૃત્ય-વાદ્યથી કીર્તન ગાન કરવા. મધ્યાન્હ આરતી કરીને પ્રભુને દંડવત્ કરીને મંદિરને મંગલ કરીને બહાર આવવું. માલા-બીડાં-ચંદન વગેરેને આદરપૂર્વક માથે ચઢાવીને મંદિર દ્વારને પ્રણામ કરી પોતાના નિવાસ ખંડમાં આવવું. પછી મધ્યકાલીન કર્મ પુરૂં કરીને 'શ્રીમદ્ ભાગવત' વાંચવું. તે પછી ઘરે આવેલા ભક્તજનોને પ્રભુ પ્રસાદ શક્તિ મુજબ આપવો. અભ્યાગત બ્રાહ્મણોને તથા ગરીબ જનોને દાન-દક્ષિણા વગેરે આપવાં. વૈશ્વદેવ મહાપ્રસાદથી કરવો અને પરિવાર જનો સાથે મહાપ્રસાદ લેવો.

તે પછી ચિત્તને વ્યાકુળ ન કરે તેવી જીવન વ્યવહારમાં સહાયક થઈ પડે તે માટે અનિવાર્ય એટલી જ પરિવાર સંબંધિ સાથે વાતચીત કરવી પણ ચિત્ત તેમાં લગાવવું નહીં. જે ધનસંપન્ન જનો છે તેઓએ અનવસરમાં શાસ્ત્રોનું અવગાહન કરવું અને ધન નથી તેવાએ બાકીના સમયમાં આજીવિકાનો ઉપાય કરવો અને જે એક સમય સેવા કરવા પણ સમર્થ ન હોય પણ ભણેલો હોય તો પરિચિત વિદ્વાન સંપન્ન ભક્તની સેવામાં સહયોગી થઈ પરિચર્યા કરે અને તેના દ્વારા મળતા સત્સંગનો લાભ લે.

સાયંકાળે પ્રભુના ઉત્થાપનનો પ્રકાર : ત્યારબાદ આચમન કરીને, પાન-બીડાં વગેરેથી મુખ શુદ્ધ કરીને ઉર્ધ્વપૂંડ તિલક ધારણ કરીને સાયંકાલીન સંધ્યા કરવી પછી શુદ્ધ બની સેવામાં જવું.

ઉત્થાપન ભોગમાં કંદમૂળ, ફળ, દૂધ-દહીં વગેરે સમર્પવા, માળા ધરવી, નવીન જળથી ઝારીજી ભરવા. મૃદંગ વગેરે વાદ્ય-સંગીતથી પ્રભુને પ્રસન્ન કરવા. સાથે ભાવસભર કીર્તનગાન કરવા તથા વનમાંથી પધારી રહેલા પ્રભુની આરતી કરવી. (ત્યારબાદ પ્રભુને પોઢાવવા)

(૧૨) સૌંદર્ય પદ્ય

સૌંદર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરુપંચ પુનસ્તદેન્તર્ગતં પ્રાવીવિશત્ સ્વપ્રિયે
સંશ્લિષ્ટાવુભયોબભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્ સાક્ષિકં
રુપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્

આ એકશ્લોકી પદ્ય બાબતે બે પ્રકારે માન્યતા છે કે તે શ્રીગોપીનાથજી રચિત છે કે શ્રીગુસાંઈજી રચિત.

આ પદ્યના વ્યાખ્યાતા શ્રીગોકુલોત્સવજી (સુરત) શ્રીમતપ્રભુચરણો લખે છે તે નામ ઘણું કરી શ્રીગુસાંઈજીના માટે પ્રચલીત છે છતાં સ્પષ્ટ નથી. જ્યારે શ્રીયોગીગોપેશ્વરજી આને શ્રીગુસાંઈજી કૃત માને છે.

એમ લાગે છે કે આટલો શ્લોક શ્રીગોપીનાથજીના બીજા ગ્રંથના ભાગ રૂપે હોવો જોઈએ.

શ્રીગોકુલોત્સવજીના 'શ્રીવલ્લભ નામાવલી' ગ્રંથમાં શ્રીગુસાંઈજી રચિત ગ્રંથોની સૂચી છે જેનાં ''સૌંદર્ય પદ્ય''નું નામ નથી.

માર્ગના સંશોધક શ્રીમૂલચંદ્રતેલીવાળાએ ''શ્રીમદ્ ગોપીનાથનાં પદ્યાનિ'' નામક લેખ વિ. સં. ૧૯૭૨માં પુષ્ટિભક્તિસુધામાં પ્રકટ કર્યો હતો, તેનો આધાર શ્રીગોકુલનાથજીના ગ્રંથાગારમાંથી પ્રાપ્ત હસ્ત લિખીત પ્રતિ હતી. તેમાં આ પદ્યનો સમાવેશ છે. તેનો તે પાંચમો શ્લોક છે.

આમ આ પદ્ય શ્રીગોપીનાથજી કૃત હોવાની સંભાવના પણ ઘણા અંશે છે. જોકે માર્ગમાં ઘણુ કરીને તે શ્રીપ્રભુચરણ વિરચિત તરીકે પ્રસિદ્ધ છે. હવે આ શ્લોકનો ગૂઢાર્થ સમજીએ.

સર્વરસભોક્તા શ્રીકૃષ્ણની ભિતર પોતાના સ્વરૂપાનંદના દાનાર્થ એક ગૂઢ ભોગ્ય ભાવાત્મક સૌંદર્ય પણ છે અને પોતાના સ્વરૂપાનંદના ઉપભોગાર્થ ભાવવાળું એક ગૂઢ ભક્તિભાવાત્મક સૌંદર્ય પણ છે. પ્રભુમાં રહેલ ગૂઢ ભોગ્યભાવાત્મક સૌંદર્ય અને સ્વામિનીજીમાં રહેલ ગૂઢ ભક્તિભાવાત્મક સૌંદર્ય ખૂબ જ રસાત્મક

અવસ્થામાં ક્યારેક પ્રકટ થઈ જાય છે. આ રસ આપની રસાત્મક લીલાના પરિકર તેવા સાક્ષીભૂત....

પ્રભુ સર્વરસભોક્તા છે. આવા પ્રભુમાં એક પ્રગટ પુંભાવ છે જે રસભોક્તા છે અને એક ગૂઢ સ્ત્રીભાવ છે. તે ગુહ્યભોગ્ય ભાવ છે.

પ્રભુના જ શ્રીઅંગ સમા શ્રીસ્વામિનીજીમાં પ્રકટ સ્ત્રીભાવ છે અને ગુહ્ય પુંભાવ છે.

પરમ રસાત્મક દશામાં આ ગૂઢ ભાવ પ્રકટ થઈ જાય છે. પણ તે ભાવને ઝિલવા યોગ્ય પાત્ર જોઈએ તેને સાક્ષીભાવ કહે છે.

આ પ્રભુ અને સ્વામિનીજીની રસ લીલામાં ઉચ્છલિત બન્ને પ્રકારના ભાવોથી સંયોજીત જે રસાત્મક શ્રીકૃષ્ણ સ્વરૂપ પ્રકટ થાય છે તેની અવધારણા માત્ર સાક્ષી સ્વરૂપ તેવા મહાપ્રભુજી જ કરી શકે છે. શ્રીમહાપ્રભુજી આ ત્રણે ભગવદ્ સ્વરૂપ ગૂઢ સ્ત્રીભાવ, ગૂઢ પુંભાવ તથા રસાત્મક લીલાભાવના દૃષ્ટા - સાક્ષી - અનુભવકર્તા છે. તેવા શ્રીમહાપ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે. પ્રમેયરૂપ ભગવાન છે અને પ્રમાણરૂપ (સાક્ષીરૂપ) શ્રીમહાપ્રભુજી છે.

પ્રભુના આવા ગૂઢસ્વરૂપના પ્રકટ કર્તા માત્ર શ્રીમહાપ્રભુ જ છે કેમ કે આપ આવા સ્વરૂપના સાક્ષી છે.

અહીં ધ્યાન એ રાખવાનું છે કે મહાપ્રભુનું સ્વરૂપ ત્રીતયતાત્મક છે નહિ કે તૃતીયાત્મક. આ ત્રીત્યાત્મક સ્વરૂપ સ્મરણ-ધ્યાન યોગ્ય છે. સેવ્યસ્વરૂપ તો શ્રીકૃષ્ણ જ છે જેમના માટે આપ આજ્ઞા કરે છે, ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'' પ્રભુના પ્રકટ સ્નેહ ગૂઢભાવ તથા સ્વામિનીજીના પ્રકટ અને ગૂઢભાવ તે તેમનાં અંશીભાવ છે જે પ્રમેયરૂપ છે. પરંતુ શ્રીમહાપ્રભુજી સાક્ષી ભાવે હોવાથી તેમનામાં તે ભાવો અંશરૂપે છે જે પ્રમાણરૂપ છે.

ભક્ત પ્રભુ વગર રહી શકતો નથી તે પ્રકટ સ્ત્રીભાવ છે. ભક્તિ સ્વામિનીજીનો પ્રકટ સ્ત્રીભાવ છે અને પ્રભુ સેવા લે છે તે પ્રભુનો પ્રગટ પુંભાવ છે. પરંતુ ભક્તની ભક્તિથી અતીશય ભક્તાધીન થયેલ ભગવાન પોતાના માહાત્મ્યને વિસરી જઈ ભક્ત વગર રહી શકતા નથી ત્યારે પ્રભુનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ થઈ

જાય છે અને તેની સાથે તાલ મેળવવા માટે ભક્તમાં પ્રભુ ગૂઢ પુંભાવ પ્રકટ કરે છે. જેમ કે ગજ્જન પાન લેવા ગયા તો મૂર્છા પામ્યા અને નવનીતપ્રિયજીએ મહાપ્રભુને કહી દીધું કે ગજ્જન વગર હું નહી આરોગું.

જેમ કુંભનદાસની વ્યાકુળતા જાણી ગુસાંઈજીએ કહ્યું કે ''તારો પરદેશ થઈ ચૂક્યો'' ત્યારે શ્રીગોવર્ધનધર પણ કહે છે કે, ''હવે તને ક્યાંય નહિ જવા દઉં''.

આ બન્ને ભાવ પ્રકટ થયા પછી જ્યારે કુંભનદાસ પ્રભુને મળે કે ગજ્જન નવનિતપ્રીયજીને મળે ત્યારે જે રસાત્મકતા પ્રકટ થઈ હશે તે તો માત્ર મહાપ્રભુ જ અનુભવી શકે (યોગ્ય પાત્ર) કે મહાપ્રભુ જેમના હૃદયમાં સાક્ષીસ્વરૂપ બિરાજી અનુભૂતિ કરાવે તે જ અનુભવી શકે તેથી તો શ્રીઆચાર્યજીના નામ

દૈવોદ્ધાપ્રયત્નાત્મા, ભક્તિમાર્ગબ્જમાર્તંડ
અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભી કૃત માનવઃ
સાનિધ્યમાત્ર દત્તશ્રીકૃષ્ણ પ્રેમ
ભક્ત્યાચારોપદેષ્ટા, તત્કથાક્ષિપ્તચિત્ત તદ્વિસ્મૃતિ
વ. અન્ય નામો છે.

❑ ❑ ❑ ❑ ❑

તેરી પરમ સત્તાસે ઈશ્વર ચર–અચર સુખ–દુઃખ હૈ
યહ પુરૂષ પ્રકૃતિકા નિયોજક તૂ હી એક પ્રમુખ હૈ
તેરી કથા રસપાન કરતે સંત કો હી સુખ હૈ
ફિર કહના ક્યા ઉસ સુખ કા તેરે હી જો સન્મુખ હૈ

(૧૩) શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી

શ્રીગુસાંઈજીને પોતાના જ્યેષ્ઠભ્રાતા શ્રીગોપીનાથજી પ્રતિ ખૂબ જ સન્માન તથા ભાવ હતો તે આપશ્રીના પત્રોથી સમજાય છે.

સ્વસ્તિશ્રી જ્યેષ્ટભ્રાતા (શ્રીગોપીનાથજી)ના ચરણ કમલમાં નાના વિઠ્ઠલના કોટી પ્રણામોને આ પત્રદૂત નિવેદન કરે છે. અત્ર કુશળ છે, આપના કુશળની હું અભિલાષા કરું છું...... વગેરે વગેરે

પત્રમાં પોતાના સ્વાસ્થ્ય સંબંધિ તથા યાત્રા સંબંધી તથા સાથેના સેવકગણ સંબંધિ ઉલ્લેખો છે.

બન્ને ભાઈઓ વચ્ચેનો મનમેળ અખંડિત હતો તે આ પત્રથી પ્રકટ થાય છે. તેથી માર્ગીય ખોટી ધારણાઓનો છેદ ઉડી જાય છે.

આપનો બાળપણનો પ્રસંગ પ્રસિદ્ધ છે કે શ્રીગોપીનાથજી સંપૂર્ણ ભાગવતનો પાઠ કરીને જ ભોજન કરતા. જ્યેષ્ઠભ્રાતાનું અનુસરણ કરીને શ્રીવિઠ્ઠલનાથજીએ પણ દશમસ્કંધનો પાઠ કરીને જ ભોજન લેવાનો આગ્રહ રાખ્યો હતો. આમ, મોટાભ્રાતા આપના માટે અનુસરણનીય હતા પોતે અનુજ હતા.

શ્રીવલ્લભપ્રતિનિધમ્ તેજોરાશિ દયાર્ણવમ્
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયં

આ શ્લોકમાં શ્રીગોપીનાથજી માટેની ભાવના પ્રકટ થાય છે. તે આપને શ્રીવલ્લભના પ્રતિનિધિ ગણે છે. તેજના ભંડાર, દયાના સમુદ્ર, નિર્ગુણભાવવાળા તથા અલૌકિક ગુણોના ભંડાર તરીકે વર્ણવે છે અને પોતે તેવા ભ્રાતાનો આશ્રય ચાહે છે.

(૧૪) સાહિત્યમાં શ્રીગોપીનાથપ્રભુચરણ

શ્રીગોપીનાથજી રચિત સાહિત્ય

આપશ્રીએ ઘણું જ માર્ગીય ગ્રંથ સાહિત્ય રચ્યું હશે પણ કાળક્રમને લીધે અપ્રાપ્ય બની ગયું છે. હાલ જે પ્રાપ્ય કે પ્રસિદ્ધ છે તે આ પ્રમાણે છે :

સાધન દીપિકા - જેમાં માર્ગની પરિપાટી ખૂબ જ વિગતે આપી છે. તેમાં ગ્રંથો તથા શ્રીઆચાર્યજીનો બોધ પ્રતિબિંબિત થાય છે, કેમ કે તેવા પ્રમાણરૂપ વાક્યો આપે લખેલા છે.

નિત્ય ઉત્સવ સેવાશ્લોક - જમાં નિત્ય તથા ઉત્સવમાં કરાતી સેવા વિધિના શ્લોકો છે જેમાં સેવાવિધિ તથા તેના પાછળની ભાવના પણ પ્રદર્શિત કરી છે.

શ્રીમદ્ ગોપીનાથાનાં પદ્યાનિ

શ્રીગોપીનાથજી વિષયક સાહિત્ય

શ્રીગોપીનાથજીપ્રભુચરણની વધાઈ - રસિકદાસ, કૃષ્ણદાસ, હરિદાસ વગેરેએ લખી છે.

શ્રીગોપીનાથજી જન્મમહોત્સવ - માં શ્રીવ્રજરાયજીએ આપ માટે સ્તુતિશ્લોક લખ્યા છે.

શ્રીવલ્લભાખ્યાનમાં પણ આપનો ઉલ્લેખ છે.

બલદેવશ્રીગોપીનાથ કહીએ શ્રીવિઠ્ઠલનંદ આનંદ
આ વીર ગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રગટીયા
ગોપીનાથજી સોહામણા નવજલધનતનુભાન હે રસના

મૂળપુરૂષમાં સંવત પ્રન્દ્રહા સડસઠ આયો આસો વદ ૧ દ્વાદશી શુભ ગાયો

- કવિજગનાનંદ વિરચિતવલ્લભવંશાવલીમાં

તિનકે જેઠે પુત્ર હૈ ગોપીનાથજી વ્યક્તિ
સંવત પંદ્રહ સત્તરા દ્વાદશી વદી આસોજ
જન્મ શ્રીગોપીનાથજી પ્રફૂલ્લીત વદન સરોજ

ધોળપદોમાં પણ આપનો ઉલ્લેખ છે.

સંપ્રદાય પ્રદીપમાં (ગદાધરદાસ દ્વિવેદી વિરચિત) લખે છે

શ્રીગોપીનાથજીના જન્મ બાદ થોડાક દિવસમાં શ્રીઆચાર્યજી યાત્રા કરતાં વ્રજમંડલમાં આવી રહ્યા હતાં. ત્યાં ગંગાતટે વિશ્રામ લીધો હતો અને ત્યાં ભગરત સેવા કરતાં કરતાં શ્રીઆચાર્યજીને પીઠ પર બાળક ચડી રહ્યો હોય તેમ લાગ્યું તેથી આપ પત્નીને ખિજ્યા કે બાળકનું ધ્યાન રાખો, કેમ કે તે સેવામાં ચિત્તને વિક્ષેપ કરે છે. ત્યારે તેમના પત્નીએ પ્રત્યુતરમાં કહ્યું કે બાળક તો ક્યારનોય પોઢેલ છે. ત્યારે શ્રીઆચાર્યજીએ આને પ્રભુની બાળલીલા જાણી કે એક સ્વરૂપે ગોપીનાથજી અને બીજા સ્વરૂપે પોતે ખભે ચડવા આવે છે.

નિજવાર્તામાં આપના પ્રાકટ્ય - નિવાસ તથા વિદ્યાભ્યાસનો ઉલ્લેખ છે.

બેઠક ચરિત્રમાં માતા ઈલ્લમાગારૂજીને નવનિત પ્રિયજીએ બ્રહ્મસંબંધ કરાવ્યાનો ઉલ્લેખ છે. તે પછી શ્રીઆચાર્યજીને ત્યાં ગોપીનાથજીના પ્રાકટ્યનો ઉલ્લેખ છે.

ઘરૂવાર્તા ૬માં ઉલ્લેખ છે કે શ્રીગોપીનાથજી શ્રીઆચાર્યજીની આજ્ઞાથી ઠાકોરજીને જગાવવા જાય છે પણ ઠાકુરજીને ભરનિંદ્રામાંથી જગાવતા આપ ખચકાય છે ત્યારે શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે તાલી બાજવી થોડીક રાહ જોઈને પછી જગાવવા. ઠાકોરજીને બ્રહ્મમુહૂર્તમાં અવશ્ય જગાવવા જોઈએ.

દામોદરદાસ સંભારવાળાની વાર્તામાં દામોદરદાસના નિધન પછી દ્વારકાધીશજી સર્વ સંપતિ સહિત પધાર્યા હતા ત્યાં શ્રીગોપીનાથજી તથા શ્રીઆચાર્યજીનો સંવાદ પ્રસિદ્ધ છે.

ઘરૂવાર્તા ૧૦ - શ્રીમહાપ્રભુજીએ શિક્ષાશ્લોકીગ્રંથ નદીની રેતી પર લખ્યો તે પ્રસંગે શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી સહિત પરિવાર, શિષ્ય સમાજ ત્યાં હાજર હતા.

ઘરૂવાર્તા ૧૨ - શ્રીગોપીનાથજી જગદીશના બલદેવ સ્વરૂપમાં લીન થયા.

૮૪ વૈષ્ણવોની વાર્તા - વાસુદેવરામ છકડાની વાર્તામાં આપનો ઉલ્લેખ છે.

(૧૫) સાધનદીપિકા ગ્રંથમાં આવતા સંદર્ભ

શ્રીગોપીનાથ પ્રભુચરણોએ આ ગ્રંથને અનેક સંદર્ભોથી પ્રમાણિત કર્યું છે. તેમાં કેટલાક સંદર્ભ તો ખૂબ જ સ્પષ્ટ છે તો કેટલાક સમાન ભાવી છે. તો કેટલાકને આપે જ પ્રમાણ તરીકે મૂક્યા છે. તે અહીં જોઈએ.

(સાધનદિપીકા = સા.દી.)

૧. **સા.દી. ૧૦**

‘‘કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાર્દરહિતં નરમ્ ||

શ્રી ભાગવત તત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્’’

નિબંધ - સાધન પ્રકરણ - શ્લોક ૧૮

‘‘કૃષ્ણ સેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ||
શ્રીભાગવત તત્વજ્ઞં ભજેજ્ જિજ્ઞાસુર્ આદરાત્ ||’’

૨. **સા.દી. શ્લોક - ૧૩**

‘‘સર્વધર્માન્ પરિત્યજ્ય મામ, એકં શરણં વ્રજ’’

ગીતાજી અધ્યાય-૧૮, શ્લોક નં. ૬૬
‘‘સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ’’

૩. **સા. દી. શ્લોક નં. ૧૫**
અતઃ સ્વધર્માચરણં ભારદ્ધૈ વૈગુણ્યમ્ અન્યથા

બાલ બોધ શ્લોક નં. ૧૯
સ્વધર્મમ્ અનુતિષ્ઠત્ વૈ. ભારદૈગુણ્યમ્ અન્યથા

૪. **સા. દી. શ્લોક - ૨૪**

ધારયેત્ તિલકં માલાં વૈષ્ણવાચાર તત્પરઃ

સાધન પ્રકરણ શ્લોક ૩૬
શંખ ચક્રાદિકં ધાર્યા... તુલસી કાષ્ટજા માલા તિલકં લિડ઼્ગમેવ તત્

૫. **સા.દી. ૩૦ - તત્ પ્રસાદેકે ભોજનમ્**

સિદ્ધાન્ત રહસ્ય - ૪ : અસમર્પિત વસ્તુનાં તસ્માદ્વર્જનમાચરેત્

૬. સા.દી. ૬ - ૩૧ :

પૂર્વવિધ્ધં પરિત્યાજ્યં વ્રત વિષ્ણુ - પંચકમ્
જયન્તી તૂદયેડન્યેન દુષ્ટાન્યાપ્યરુણોદયાત્

નિબંધ સાધન પ્રકરણ - ૩૭ :

એકાદશ્યુપવાસાદિ કર્તવ્યં વેધ વર્જિતમ્
તથા કૃષ્ણાષ્ટમીચાપિ સપ્તમી વેધ વર્જિતા

૭. સા.દી. ૭ - ૩૬ :

જગન્નાથે દ્વારિકાયાં શ્રીરંગે વ્રજમંડલે ।
યત્ર પૂજા પ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેચ્ચ તત્પરઃ

નિબંધ સાધન પ્રકરણ - ૪૮
વિઠ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા
યત્ર પૂજાપ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેત તત્પરઃ

૮. સા.દી. ૩૭ :

ગંગાદિ-તીર્થ-વર્યેષુ યથા ચિતં ન દુષ્યતિ ચ
શ્રવણાદ્યૈઃ ભજેદેવં શ્રીભાગવત તત્પરઃ

કૃષ્ણાશ્રય - ૩ : ગંગાદિ તીર્થ વર્યેષુ પાપૈકનિલયેષુ ચ

ભક્તિ વર્ઘીની ૧૧ : યે એતત્ સમધીયીત, તસ્યાપી સ્યાદ દઢા રતિઃ

૯. સા.દી. - ૪૦ :

દૈવાત્મ સમ્પદઃ પુંસઃ ભક્તિર્ભવતિ નૌષ્ઠિકી
યયા 'સર્વાત્મભાવા' ખ્યા પરા સિદ્ધિઃ સ્વયં ભવેત્

ભક્તિવર્ઘીની યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે, કૃતાર્થ સ્યાત્ત દૈવ હિ -૫
લભતે સુદઢાં ભક્તિં સર્વતોડપ્યધિકાં પરામ્ - ૭

સેવાફલ ૧ અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃ સિદ્ધ્યેન્મનોરથઃ - ૧

૧૦ સા.દી. ૪૧ :

દમનાદ્ ઈન્દ્રિયાણાં ચ સન્તુષ્ટયાપિ ચ સિધ્યતિ

નિ. લ. - ૧૫ પ્રાપ્તં સેવેત નિર્મમઃ

૧૧. સા. દી. ૪૨ :

સર્વત્રૈવ વિરક્તસ્ય રાગઃ સ્યાદ્ નન્દનન્દને |
તેનાસક્તિશ્ચ વ્યસનં પ્રપંચારસ્ફુરણં ભવેત || ૪૧

ભક્તિ વ. ૩ : તતઃ પ્રેમ તથાસક્તિ વ્યસનં ચ યદા ભવેત્

નિ. લ. ૧૨ : ગુણેષ્વા વિષ્ટચિતાનાં... સ્યાતાં હરિવસ્તુસખમ્

૧૨. સા. દી. ૪૩ :

અવં નિરુદ્ધ ચિત્તસ્યા - નું ગૃહીતસ્ય ચેશિત્ઃ

નિ. લ. ૧૫ : ભગવદ્ધર્મ સામર્થ્યાદ વિરાગો વિષેય સ્થિર

૧૩. સા. દી. ૪૫ :

હરિર્ ભક્તપરાધેષુ દયયૈવ પ્રસીદતિ
દોષેષુ ન ગતિસ્તસ્માત્ દોષાન્ સમ્પરિવર્જયેત્ - ૪૫

અંતઃ પ્ર. : સમપેણાદહં પૂર્વમુસમઃ.... સ્વામીદ્રાહડન્યથા ભવેત - ૩-૪

૧૪. સા. દી. ૪૬ :

અશૂન્યા દિવસા યામાઃ મુહૂર્ત - ઘટિકા - લવાઃ |
ભગવદ્ ભજનેઃ કાર્યાઃ સંસારાસક્તિરન્યથા || ૪૬

ચતુશ્લોકી : સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ૧

૧૫. સા. દી. ૪૭ :

ગુરુસેવા ગુરુરજ્ઞા ગુરૌ હરિભાવના |
ગુરૌ ભયં ગુરૌ સિદ્ધિઃ પ્રપન્ન પરિભાવયેત્ || ૪૭

નવરત્ન - ૭ઃ સેવાકૃતિ ગુરોરાજ્ઞા....

૧૬. સા. દી. ૫૧

‘‘દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ||

ગીતાજી : મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’ ૫૧

૧૭. સા. દી. શ્લોક ૫૨ :

તત્ર કાયભવા પુષ્ટિ :

પ્ર. પ્ર. મ. શ્લોક ૯ : પુષ્ટિ કાયેન નિશ્ચયઃ

૧૮. સા. દી. ૫૭ અને ભાગવત્ :

નાયમાત્મા પ્રવચનૈર ન ધિયા ન બહુશ્રુતેઃ
લભ્યેત વરણં હિત્વા વૃતં સંવૃણુતે શ્રુતે :

૧૯. સા. દી. ૬૮ :

નાન્યદેવં વ્રજેદ્ નૈવ

વિ.ધૈ.આ. ૧૪ : અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ.

૨૦ સા. દી. ૬૯ :

સન્યાસ શ્ચાગ્નિહોત્રં ચ કલૌ નૈવ યથાવિધિઃ
સન્દિગ્ધ ધર્મસેવાપિ કલેશાયૈવાલ્પમેધસામ્

સા. પ્રકરણ-૧ : સ્વાધ્યાયાદિ ક્રિયાહીનાઃ તથાચાર પરામુખાઃ

૨૧. સા. દી. ૭૯ :

પતિ-પુત્રાદિ-બન્ધુનામ્ આનુકૂલ્યેડસ્ય સેવનમ્

સા. પ્રકરણ - ૨૨ : ભાર્યાદિર્ અનુકૂલશ્ચેત્ કારયેદ્ ભગવત્ ક્રિયામ્

૨૨. સા. દી. ૯૨ :

વસ્ત્રૈશ્ચ ભૂષણૈર્ ગન્ધઃ નૈવેદ્યૈર્ વ્યજનં શુભૈ :
દેશ-કાલ-વિભૂતિનામ્ અનુસારેણ સેવનમ્ ||

સા. પ્રકરણ-૨૧ :

યથા સુન્દરતાં યાતિ વસ્ત્રૈર્ આભરણૈ અપિ
અલંકુર્વિત સપ્રેમ તથા સ્થાનપુરઃસરમ્ ||

૨૩. સા. દી. ૯૩ :

તેનાસ્ય ભાવના સિદ્ધિઃ યયા સ્યાત્ કૃતકૃત્યતા

ભક્તિ વ. - ૫

યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ |

(૧૬) શ્રીગોપીનાથજી પ્રભુચરણ વિષયક કેટલીક ગેરસમજનું સમાધાન

શ્રીઆચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનું સંપૂર્ણ જીવન ચરિત્ર તથા તેમને સંબંધિત ઘણું બધું તો ‘શ્રીગોપીનાથજી પ્રભુચરણ’ પ્રકાશક શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ સંપાદક - ગો. શ્રી. શરદબાવાએ પ્રકાશીત કર્યું છે. અહીં શ્રીગોપીનાથચરણને આપણા માર્ગ થકી જ જે અન્યાય થયો છે તે પ્રદર્શીત કરવાનો પ્રયાસ કર્યો છે અને તેમાં સૌથી મોટું તો ‘મર્યાદા’નું લેબલ તે લેબલ કેટલું અયોગ્ય છે તે સમજાવવાનો અહીં પ્રયાસ કરી રહ્યા છીએ.

૮૪ વૈષ્ણવની વાર્તાના સંદર્ભે

(૧) **વાર્તા ૩ દામોદરદાસ સંભલવાળામાં** લૌડીની વાર્તાના ભાવપ્રકાશમાં આક્ષેપ.

તા સમે શ્રીગોપીનાથજી ઠાડ હતે. તબ શ્રીગોપીનાથજી કહે - લક્ષ્મિસહિત નારાયણ પધારે હૈ. તબ શ્રીઆચાર્યજી કહે - વૈભવ ઠાકુરકો દેખિકે તિહારો મન પ્રસન્ન ભયો હૈ? તબ શ્રીગોપીનાથજી કહે - તિહારો કહાઈ કે શ્રીઠાકુરકી વસ્તુમેં અપનો મન કરેગો તાકો નિરમૂલ નાશ જાયગો. તબ શ્રીઆચાર્યજી કહે - હમારો મારગ તો ઐસો હી હૈં.

સો દ્રવ્યતેં કછુક ગોપીનાથજી પ્રસન્ન ભયે હતે સો એક પુત્ર ભયો. પરંતુ બંસ નહિ ચલ્યો.

સમાધાન : (૧) શ્રીઠાકોરજી સાથે લક્ષ્મીજી પધારે તે સ્વાભાવિક છે. ભગવાન સાથે આપનો લીલાપરિકર પધારે તે તો માત્ર આનંદ નહિ પરમાનંદ છે, આ પરિકર તો પ્રભુની સેવા માટે ઉપયોગી છે. જેથી તો આપણા માર્ગમાં વૈરાગ્ય (સંન્યાસ) લેવા કરતાં ગૃહમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરનારને પ્રાધાન્ય મળેલ છે.

પરંતુ જો માત્ર વૈભવ (લક્ષ્મી) ઠાકોરજી વગરની, તેમાં જ સ્નેહ કરે તો સંસારમાં ખેચીં જનાર છે.

આસક્તિનો વિષય લક્ષ્મી નથીને ? તેવો સવાલ કરીને માર્ગનો સિદ્ધાંત શ્રીવલ્લભ પોતાના અનુયાયીઓ માટે પ્રકટ કરવા માગે છે. અહીં પ્રસંગમાં શ્રીગોપીનાથજી પોતાને શ્રીવલ્લભનો કહેવડાવે છે. (તિહારો કહાઈકે) જેથી શ્રીગોપીનાથજીની સમજ પણ સ્પષ્ટ છે. જેને વધારે સ્પષ્ટ કરી અનુયાયીઓને કહેવા માટે આપ વચનો કાઢે છે. (તાકો નિરમૂલ નાશ જાએગો). કેમ કે પોતે પુષ્ટિમાર્ગીય મર્યાદાના રક્ષક છે. ત્યારે ગુરુસ્થાને શ્રીવલ્લભ છે જેથી મહાપ્રભુજીએ તેવા શાપ વચનો કાઢવા ઉચિત નથી.

જેથી તો વૈભવને મહત્ત્વ આપી શ્રીઠાકોરજીને ગૌણ ગણનારને ત્યાંથી શ્રીઠાકોરજી કાયમી વિદાય લઈ લેશે તેવો ગૂઢાર્થ ‘‘નિર્મૂલ નાશ જાયગો’’ તેવો થાય. વંશ ચાલવો કે ન ચાલવો તે તો ભગવદીચ્છાને આધીન છે. તથા ક્ષુલ્લક વાત છે. વંશ પ્રતિની આસક્તિ પણ પ્રભુ ભક્તિમાં બાધક છે. તેવી સમજ પુષ્ટિભક્તિમાર્ગીને છે.

તેથી તો પછીના વાક્યો ‘‘સો દ્રવ્યતેં ગોપીનાથજી કછુક પ્રસન્ન ભયે હતે સો એક પુત્ર ભયો પરંતુ બંસ ન ચલ્યો’’ પ્રક્ષિપ્ત જણાય છે. અને જો કદાચ આ શાપને સાચો માનીયે તો પણ શ્રીગોપીનાથજીનો વંશ તો પુરૂષોત્તમજીથી ચાલ્યો, પુરૂષોત્તમજીનો વંશ ન ચાલ્યો ગણાય અને તો તો આજે પણ શ્રીગુસાંઈજીના સાત બાળકોમાંથી બેનો જ વંશ ચાલ્યો છે (દત્તકથી બાકીનાનો ચાલ્યો) તેથી તેવો શાપ તો શ્રીગુસાંઈજી ને પણ લાગે અને શ્રીવલ્લભને પણ લાગે.

હકિકતમાં તો આ પ્રસંગનો સાર એટલો છે કે સંસારપ્રતિ આસક્તિ વધારનાર વસ્તુ પ્રભુપ્રાપ્તિ / ભક્તિમાં બાધક છે. તે આશય એક દ્વેષયુક્ત લૌકિક વાક્યથી બદલાઈ જાય છે અને શ્રીગોપીનાથજીને લૌકિક આસક્તિવાળા કહીને ભયંકર લાંછન લગાડયું છે.

(૨) વાર્તા-૧૬, જીયદાસ સૂરી

ભાવ પ્રકાશઃ કાહે તે જદપિ નામ શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી કે બડે ભાઈ પાસ પાયે હતે. પરંતુ લૌકિક વૈદિક કાર્યમેં આસક્ત હતે. તાતેં સેવા

શ્રીઠાકોરજીને ન કરાઈ. ઔર શ્રીગોપીનાજીને જીનકો નામ દીયે સો મર્યાદામાર્ગીય ભયે.

આક્ષેપ : શ્રીગોપીનાથજી જેને નામ આપે તે મર્યાદા થાય મતલબ કે ગોપીનાથજી પણ મર્યાદા હતા. તેવો ગર્ભિત અર્થ થાય.

સમાધાન : શ્રીઆચાર્યજી પછી જે માર્ગના અધ્યક્ષ થાય તે પુષ્ટિમાર્ગી ન હોય શ્રીઆચાર્યજી જેવા સમર્થ તથા જે સાક્ષાત પુરૂષોત્તમ છે તે શું માર્ગના પ્રાકટ્ય કાળમાં જ આવી ગતિ થવા દે ? આતો શ્રીઆચાર્યજીના બ્રહ્મસંબંધ દીક્ષા સામર્થ્યમાં શંકા ઉપજાવવા જેવું થયું ! કેમકે શ્રીગોપીનાથજીના બ્રહ્મસંબંધદાતા શ્રીઆચાર્યજી છે.

મતલબ કે પુત્રપરંપરાથી આચાર્ય પદ્ધતિ સિદ્ધ થતી નથી ? તો તો પછી ગુરુના લક્ષણો જે સર્વનિર્ણયના ૨૨૭માં શ્લોકમાં છે તે તો ગોપીનાથજીમાં હતા તે સ્પષ્ટ છે. પણ અર્વાચીનકાળમાં તો તેમાં ઉણપ જણાય છે તો આજના ગુરુવર્ગ માટે શું કહેવું ? તે સવાલ ઊભો થઈ જાય ! શ્રીગોપીનાથજી પરના ઉપરના આક્ષેપથી !

શ્રીગોપીનાથજી બાબતે વિચારતાં પહેલાં આપના રચેલા ‘સાધનદીપિકા’ ગ્રંથનો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જશે કે આપ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં જીવનારા હતા, એટલે કે વિચાર-આચાર બન્ને પરસ્પર સુમેળમાં હતા અને ગ્રંથ લખ્યો જેથી ગુરુની ફરજ રૂપ પ્રચાર પણ કરે છે. આપ પુષ્ટિમાર્ગની મર્યાદાના રક્ષક પણ છે તે વધારામાં. છતાં આપને વૈદિક પ્રતિ આસક્તિ નથી. વૈદિક પુષ્ટિમાર્ગમાં ગ્રાહ્ય નથી તેમ જો કહીએ તો શ્રીઆચાર્યજી પર પહેલું લાંછન લાગશે અને શ્રીગુસાંઈજી ઉપર પણ લાગશે (વાર્તા ૭૮ બીરજો) પુષ્ટિમાર્ગની મર્યાદાના રક્ષકને જ પુષ્ટિમાર્ગમાંથી બહાર કરવામાં આવે તે તો ‘‘ચોર કોટવાળને દંડે’’ જેવો ન્યાય થયો.

(3) વાર્તા - ૨૦ : વાર્તા પ્રસંગ-૧ ભાવપ્રકાશ

શ્રીઆચાર્યજી કે બડે પુત્ર શ્રીગોપીનાથજી રાજનગર સિકંદરપુર પધારેં તબ રામદાસજીને વિનતી કરી મહારાજ, સેવા પધરાય દીજે તબ

ગોપીનાથજીને એક બ્રાહ્મનકે ઘર શ્રી મદનમોહનજી હતે સો કછૂ બ્રાહ્મણનકો દે કે દોઉનકે માથે પધરાએ. પાછે શ્રીગોપીનાથજી અડેલ પધારે. સો રામદાસ મર્યાદામાર્ગકી રીતી આહ્‌વાન-વિસર્જન પૂજાકી રીતી કરી. પાછે એકદિન પ્રભુદાસ અર્ધરાત્રી કો અપની વસ્તુ લે ભાજી ચલ્યો. જો રામદાસકે સંગ કહાં માથો પચાઉં ? યાકો તો જ્ઞાન નહિ. જેસે યહ, જેસે હી મર્યાદામાર્ગીય ઠાકુર શ્રીગોપીનાથજીને પધરાઈ દીએ.

આક્ષેપ : અહીં સ્પષ્ટ રીતે આક્ષેપ નથી પણ પરોક્ષ રીતે એમ કહ્યું છે કે ગોપીનાથજી મર્યાદા હોવાથી આપ સેવક પણ મર્યાદા કરતા. સેવા પણ મર્યાદાઠાકુરની પધરાવતા.

સમાધાન : શ્રીઆચાર્યજી પુષ્ટિભક્તિમાર્ગના પ્રવર્તક છે અને સાથોસાથ વૈષ્ણવાચાર્ય છે જેથી સનાતન ધર્મના રક્ષક છે. તે ન ભૂલાવું જોઈએ તેથી મર્યાદામાર્ગીય વૈષ્ણવને દીક્ષા આપવાનો કે પ્રભુ પધરાવી આપવાનો પણ અધિકાર છે. પણ તે આપનું પ્રયોજન નથી. તેથી રામદાસ જેવા મર્યાદામાર્ગીને આપે યથાધિકાર દીક્ષા આપી હોય ! જેથી તો તે પુષ્ટિમાર્ગી પ્રમાણે સેવા નથી કરતો, પુષ્ટિમાર્ગી વૈષ્ણવે તેની સાથે ન રહેવું જોઈએ તે પણ ઉચિત છે. રામદાસ તેના અધિકાર પ્રમાણે આગળ વધશે. મર્યાદા કે પુષ્ટિ જીવ જો પોતાનો ઉદ્ધાર કરવાની વિનતી કરે તો તેનું પથપ્રદર્શન કરવું તે આપશ્રીની વૈષ્ણવાચાર્ય તરીકેની ફરજ છે. તેને દીક્ષા આપનાર બાબતે મર્યાદા સાથે સાંકળી લેવું તે મહાભૂતલ છે.

આ રામદાસને દીક્ષા તો શ્રીઆચાર્ય મહાપ્રભુએ આપી છે. શ્રીગોપીનાથજીએ તો ઠાકુર પધરાવી આપ્યા છે. તો શ્રીઆચાર્યજીને મર્યાદામાર્ગી કહેવાની ધૃષ્ટતા કરશું ?

શ્રીઆચાર્યજીના કાર્યભારને સમજ્યા વગર ગમે તેવા આક્ષેપ કરવા તેથી તો દોષ જ ભેગા થશે. ભિન્ન અધિકારવાળા ભિન્ન મુકામે પહોંચનાર હોવાથી પ્રભુદાસે તેમનો સાથ છોડયો તે યોગ્ય કર્યું છે.

આ 'મર્યાદા'નો પ્રકાશ કરનાર પ્રસંગ ભાવપ્રકાશમાં છે મુખ્ય વાર્તામાં નથી.

(૪) વાર્તા - ૩૮ : વાસુદેવદાસ છકડા વાર્તા પ્રસંગ - ૩

ઔર એક સમય શ્રીઆચાર્યજીકે બડે પુત્ર શ્રીગોપીનાથજી આગરે પધારે. સો ગુસાંઈજીકી ભેટ સૌ મહોર હતી. સો વૈષ્ણવ શ્રીગોપીનાથજીકો દીની... સો મૌહર વાસુદેવદાસ છકડાકો દીની. તબ વાસુદેવદાસ વૈસેહી લાખકો ગોલા કરી ચંદન ચઢાવત વૈરાગી ભેષ સોં ચલે... તબ શ્રીગોપીનાથજી વાસુદેવદાસસોં કહે, જો ઐસે કબહૂ ન કરીએ. તબ વાસુદેવદાસ છકડા ચૂપ વ્હે રહે.

ભાવપ્રકાશ : સો યાંતે જો યહ મર્યાદાકી આજ્ઞા હૈ, જો દોષ લગે. ગુરુકાર્યાર્થે યામેં કહા દોષ હૈ. યા પ્રકાર વાસુદેવદાસ એક પુષ્ટિકાર્ય સર્વોપરી જાનતે તાતેં યા પ્રકારસો સેવા કરી.

આક્ષેપ : શ્રીગોપીનાથજીની આજ્ઞા મર્યાદા હતી જેથી વાસુદેવદાસે તેને માથે ન ચઢાવી કે તે પ્રમાણે ભવિષ્યમાં ન કરવા ન વિચાર્યું. એટલે કે ગોપીનાથજી તો મર્યાદા રીતની જ આજ્ઞા કરતા.

સમાધાન : આ પ્રસંગ બીજીવાર બને છે. અગાઉ આવા પ્રસંગમાં શ્રીમહાપ્રભુજી એ વાતની સ્પષ્ટતા કરે જ છે કે પ્રતિષ્ઠા ન કરી હોય તો પણ (મનથી ભાવ પ્રતિષ્ઠા થઈ જવાથી) તેવું કરવું યોગ્ય નથી. શ્રીઆચાર્યજી પોતાના પુષ્ટિ વૈષ્ણવ સેવકને એવી મર્યાદા આજ્ઞા શા માટે કરે કે જે પાળવા યોગ્ય ન હોય ? ફરી બીલકુલ ડીટ્ટો તેવી જ આજ્ઞા શ્રીગોપીનાથજી કરે છે ત્યારે તેને ‘મર્યાદા આજ્ઞા’નું લેબલ લગાવીને શ્રીગોપીનાથજીને જ પરોક્ષ રીતે ‘મર્યાદા’ બનાવી દીધા. ગુરુ આજ્ઞા-અવજ્ઞાનો દોષ પણ ન જોયો કે હવે ‘‘નહિ કરું’’ તેવી દીનતા, સાવધાની કે પ્રાયશ્ચિત પણ નહિ ! આ કંઈક વિચિત્ર જણાય છે. શ્રીગોપીનાથજી પ્રતિનો એક અલગતાનો વ્યવહાર આગળ વધતાં દ્વેષ સુધી પહોંચી જતો હોય તેવું આલેખન કોઈએ ભાવપ્રકાશમાં ઘુસાડી દીધું હોય તેમ લાગે છે.

(૫) વાર્તા ૫૮ : નારાયણદાસ ભાટ વાર્તા પ્રસંગ-૧

ભાવપ્રકાશ તાકો કારણ યહ હૈ - જો શ્રીગોપીનાથજી કે પાટ બૈઠારે હતે

સો ગોપીનાથજી બલદેવજી કો રૂપ હૈ. તિનકે સેવ્ય મર્યાદામાર્ગીય ઠાકુર હે. તાતેં શ્રીગુસાંઈજી બંગાલીનકોં મર્યાદા માર્ગીય પૂજા કરન કો દીયે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કો નાહિ દીયે. ન આપ રાખેં જો શ્રીઆચાર્યજી કે સેવ્ય હોતે તો આપ રાખતે.

શ્રીગોપીનાથજી પાટ બૈઠારે હતે તાતેં શ્રીવલ્લભકુલ વૈષ્ણવ દરસનકું જાતે હૈ.

આક્ષેપ : શ્રીગોપીનાથજી બલદેવજી છે જેથી મર્યાદારૂપ છે. જેથી તેમના સેવ્ય પણ મર્યાદામાર્ગી ઠાકુર વગેરે વગેરે.

સમાધાન : શ્રીગોપીનાથજીએ તેને પૂજાર્થ મર્યાદા માર્ગીની રીતે પૂજનાર્થ સ્વરૂપ પધરાવી આપ્યું હોય. દૈવી જીવ તો મર્યાદા કે પુષ્ટિ ગમે તે હોય વૈષ્ણવાચાર્ય તેના ઉદ્ધારની ફરજ રૂપે તેને સ્વરૂપ પધરાવીદો.

શ્રીઆચાર્યજીએ તેને કહ્યું હતું કે પશુથી શું સેવા બને ? છતાં પણ આપે બ્રહ્મસંબંધ દીક્ષા તો આપી છે. તે કંઈક રહસ્યમય છે. આપશ્રીને તેણે સેવા પધરાવી આપવા વિનતી કરી જોઈ હતી. આપ 'ભક્તમનોરથ પૂરકાય' હોવાથી આ કાર્ય આપે શ્રીગોપીનાથજીથી સિદ્ધ કરાવ્યું હોય.

બીજી વાત આપણે ત્યાં ઘણા બધા પ્રસંગો છે જ્યાં પ્રભુમર્યાદામાં બિરાજતા હોય અને તેને પંચામૃત કરાવી પુષ્ટિ ભક્તોને માથે પધરાવવામાં આવે છે. તેમ પુષ્ટિ ભક્તોના સ્વરૂપો મર્યાદા ભક્તો પાસે પણ જાય. તેથી સ્વરૂપમાં તારતમ્ય નથી પણ સ્વરૂપ ભક્તના ભાવાનુસાર જ સાનુભવ કરાવે છે. મર્યાદા સ્વરૂપોને તેથી તો પુષ્ટિભાવથી ભાવિત કરાવવામાં પુષ્ટાવવામાં આવે છે.

પુષ્ટિભક્તમાં પણ શ્રીઆચાર્યજીનું, ગાયનું, તુલસીનું શ્રીગિરિરાજજીનું વગેરેનું પૂજન કરવાની રીત છે જ. તેમ આ સેવાના અનધિકારીને પૂજન માટે સ્વરૂપ હોઈ શકે.

શ્રીઆચાર્યજીએ વાર્તામાં ''તેને ભગવતપ્રાપ્તિ થશે'' તેવી કૃપા વિચારી જ છે. જેથી અન્યથા ભાવ ન લાવવો જોઈએ. ન મર્યાદામાર્ગીને અછૂત કે

હીન ગણવા જોઈએ અને શ્રીગોપીનાથજી મર્યાદામાર્ગી રીતે ઠાકુર પધરાવી આપે તો આપશ્રી ઉપર જ 'મર્યાદા'નું લેબલ લગાવવાની અનધિકાર ચેષ્ટા ન કરવી જોઈએ.

(૬) વાર્તા-૭૮ : માવજી પટેલ તથા તેમના સ્ત્રી બીરજો

વાર્તા પ્રસંગ–૨ : બીરજોં કો યહ મનોરથ ભયો હૈ જો અગર વૈષ્ણવનકો સખડી પ્રસાદ હોં અપને હાથસો પરોસોં... તબ શ્રીગુસાંઈજી બિચારે જો બિરજો કોં બડો ભાગ્ય હૈ જો એસોં મનોરથ ઊઠયો પરંતુ... યહ મનોરથ જગતમેં પ્રસિદ્ધ હોવે... પરંતુ શ્રીઆચાર્યજીને વેદમર્યાદા રાખી હૈ.... શ્રીગુસાંઈજી વેદમર્યાદા કે પાલનહારે હૈ, સગરે બ્રાહ્મણકો પટેલ કે હાથસોં સખડી મહાપ્રસાદ લીવાયે.

સિદ્ધાંત : શ્રીઆચાર્યજી વેદમર્યાદાને રાખી છે. આ માર્ગ આચાર્યજીનો છે જેથી શ્રીગુસાંઈજી પણ તેને તોડવા માગતા નથી પણ પાલન કરનારા, કરાવનારા છે. તે વાત અહીં સ્પષ્ટ છે. પણ જ્યારે શ્રીગોપીનાથજી વેદ-મર્યાદાની વાત કરે કે તુરત તે સ્વયં 'મર્યાદા' થઈ જાય.

(૭) વાર્તા - ૮૪ : વાર્તા પ્રસંગ ૨

શ્રીગોપીનાથજી પહેલો પરદેસ પૂરવકો કીયો હતો. સો એક લક્ષ રૂપૈયા પૂરવસોં ભેટ આઈ હતી. સો ગોપીનાથજી અડેલમેં આયકે કહે જો યહ પહલે પરદેસકી ભેટ શ્રીગોવર્ધનનાથજી કી હૈ સો યહ કહી કે લક્ષ રૂપૈયા લેકે શ્રીગોપીનાથજી શ્રીજીદ્વાર પધારે. સો તહા રૂપે સોને કા થાર કટોરા શ્રીનાથજી કો કરાયે... તા પાછે અડેલમેં આયે.

સિદ્ધાંત : શ્રીગોવર્ધનનાથજી સર્વસ્વ હોવા છતાં પણ પ્રભુએ અહીં મર્યાદા પ્રકાર સ્વીકાર્યો હોવાથી આપ સપરિવાર અડેલમાં બિરાજતાં આપશ્રીની આ પહેલી ભેટ આપના કુલદેવતાને સમર્પે છે તે આપની નિસ્પૃહતા બતાવે છે અને તે પણ ઈંગીત થાય છે કે હવે પછીની ભેટ પોતાના માથે સ્વગૃહમાં બિરાજતા પ્રભુમાં વાપરશે. આ પ્રસંગથી ''લક્ષ્મી સહિત નારાયાણ પધાર્યા'' વાળા પ્રસંગમાંનું આપ પર લગાવેલ 'સ્પૃહા'નું આળ ખોટું ઠરે

છે. વળી, આપ 'મર્યાદા' હોવાનો આક્ષેપ પણ નિરાધાર થઈ જાય છે. આપનું અડેલમાં બિરાજવાનું કારણ પણ સ્વપ્રભુની સેવા પુષ્ટિરીતથી જળવાઈ રહે તે છે.

(૮) વાર્તા-૮૪ : વાર્તા પ્રસંગ-૨

તબ શ્રીગુસાંઈજી આપ શ્રીગોપીનાથજી કે સેવ્ય શ્રી મદનમોહનજીકો દે કે કહે, જો ઈનકી સેવા તુમ કરો. સો તબ બંગાલી શ્રીમદનમોહનજીકો લેકે વૃંદાવનમેં આયકે સેવા કરન લાગે.

ભાવ પ્રકાશ : સો કાહે તે ? જો બલદેવજી મર્યાદારૂપ સો તીનકે સેવ્ય ઠાકુર હૂં મર્યાદારૂપ. સો બંગાલીન કો મર્યાદા કી પૂજા હૈ. તાસોં દીયે ઔર શ્રીગુસાંઈજીને ઝગરો હૂ મીટાય દીયો.

આક્ષેપ : શ્રીગોપીનાથજી 'મર્યાદા'.

સમાધાન : આગળ વાર્તામાં શ્રીગોપીનાથજીએ ઠાકોરજી પધરાવી આપ્યા તેમની તે વૈષ્ણવ મર્યાદા રીતીથી સેવા કરવા લાગ્યા જેથી શ્રીગોપીનાથજી 'મર્યાદા' તેમ આક્ષેપ લાગ્યો. અહી, શ્રીમહાપ્રભુજીના ઘરમાં પધારેલા મદનમોહનજીને શ્રીગુસાંઈજીએ બંગાળીઓને સેવા માટે પધરાવી આપ્યા અને બંગાળીઓ મર્યાદા રીતે સેવા કરતા હતા તો શું ઉપરના ન્યાય પ્રમાણે શ્રીગુસાંઈજી 'મર્યાદા' ન થયા ? શ્રીગોપીનાથજીને 'બલદેવજી'ની જે ઉપમા આપી છે, તે આ સિવાય નવાખ્યાનમાં શ્રીગોપલાદાસભાઈએ પણ આપી છે. પણ ત્યાં જે કહેવાનો ઉદ્દેશ છે તેમાં ભાર શ્રીવલ્લભનું ઘર તે નંદ-યોશાદાનું ઘર છે અને આપના પુત્રો કૃષ્ણ-બળદેવ છે. ભાર 'નંદાલય' પર છે.

શ્રીગોપીનાથજીએ સેવ્ય કરેલ ઠાકોરજી બંગાળીઓને પધરાવ્યા કેમ કે તેમની ગ્વાલમંડલીમાંથી જે કોઈ સ્વરૂપ હોય તેમાંનું તેમને પધરાવ્યું તેની સાથે શ્રીગોપીનાથજીની બાબતમાં કંઈ સંબંધ નથી. મૂળ વાર્તામાં પણ આટલો જ ઉલ્લેખ છે પણ ભાવપ્રકાશમાં કંઈક કટુતા પ્રકટ કરેલ છે.

સાધનદીપિકા : આપશ્રીએ રચેલ આ ગ્રંથના ૧૨૭ શ્લોક જોતાં ધ્યાનમાં આવશે કે આમાં શ્રીઆચાર્યજીના સર્વનિર્ણયના સાધનપ્રકરણનું પ્રતિબિંબ છે કદાચ 'સાધન' નામમાં મર્યાદા દેખાતી હોય તો તો શ્રીઆચાર્યજી માટે પણ 'મર્યાદા' શબ્દ વાપરવો પડે. આ ગ્રંથમાં કૃષ્ણની પુષ્ટિભક્તિનું જ દર્શન થાય છે. પુષ્ટિભક્તની જીવનશૈલી કેવી હોય તેનું તાદશ વર્ણન છે તથા ભયસૂચક નીશાન પણ છે.

શ્લોક ૫૬ થી ૬૧ ખાસ જોઈ જવાની ભલામણ છે આ ૧૨૭માંથી કયા શ્લોકોમાંથી આપનું મર્યાદા સ્વરૂપ પ્રકટ થાય છે. તે શોધી આપનારને વીર કહેવા જોઈએ.

મંગલાચરણ : શ્રીગુસાંઈજી રચિત

યદુનગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગોભવેત
તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભ નંદનમ્

જેમણે શ્રીગુસાંઈજી નમસ્કાર કરે છે તથા શ્રીવલ્લભનંદન છે અને જેમના અનુગ્રહથી જીવમાત્ર દુઃખો ઓળંગી જાય તે મહાપુરૂષ શું પુષ્ટિભક્તિ માર્ગનું સૌભાગ્ય ન હોય ?

શ્રીઆચાર્ય સ્વરૂપ ધ્યાન માટે પ્રસિદ્ધ શ્લોક

સૌંદર્ય નિજ હદ્ગતં... ધ્યેયં સદા વલ્લભમ્

આ શ્લોક અનેક પ્રમાણોથી સિદ્ધ છે કે શ્રીગોપીનાથજી રચિત છે. (જુઓ ગો.શ્રી શ્યામમનહોરજીના ગ્રંથની પ્રસ્તાવના)

સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીગુસાંઈજી શ્રીઆચાર્યજીને અંગીકૃતૌ સમર્યાદો (૧૫) કર્મમાર્ગ પ્રવર્તક (૪૯) યાગાદૌ ભક્તિમાર્ગૈક સાધનત્વોપદેશક (૫૦) સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ (૬૦) પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા (૭૨) યજ્ઞકર્તા (૯૪) ચતુર્વર્ગ વિશારદઃ (૯૫)

આ પ્રકારના નામોથી શું વલ્લભ મર્યાદા થઈ ગયા ?

શ્રીઆચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર તો પિતાના ડગલે ચાલનાર હોય, પિતાના કાર્યને

આગળ વધારનાર હોય. શ્રીઆચાર્યજી પછી જે પુષ્ટિભક્તિમાર્ગના અધ્યક્ષ બન્યા હોય તથા જેમનામાં શ્રીઆચાર્યજીનું પુષ્ટિલોહી વહી રહ્યું છે તેમને જો મર્યાદા કહીશું તો તેમાં નિંદા તો શ્રીઆચાર્યજીની જ થશે. પુષ્ટિભક્તિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર 'મર્યાદા' હોય તો, તો પુષ્ટિભક્તિના પ્રવર્તનમાં 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' ન્યાયથી પ્રતિબંધ શરૂ થઈ ગયા ગણાય. તો સર્વસમર્થ શ્રીઆચાર્યજીના સામર્થ્ય તથા પ્રભુની ઈચ્છા સામે પ્રશ્નાર્થ ઊભો થઈ જાય !

એકજ સિક્કાની બે બાજુ :

ભક્તિમાં માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ છે જેને છૂટા પાડી દેવામાં આવે એટલે કે કોઈ એકને જ સ્વીકારીએ તો તે વલ્લભઉપદિષ્ટ ભક્તિ નથી રહેતી. કેમ કે એક ગુલાબના છોડ છે તો બીજું કાંટાની વાડ છે પણ તે બન્ને મળીને એક સીસ્ટમ બને છે. મોટરકારને એક્સેલેટર અને બ્રેક બન્ને છે. ગાડી એક્સેલેટરથી જ ચાલે છે જેથી બ્રેક ગૌણ નથી થતી. એક જ સીસ્ટમના બે અંગ છે. આ સત્ય સમજી લેવાની ખાસ જરૂર છે. પ્રમેયને જાણવા માટે પ્રમાણની જરૂર પડે છે. બન્ને ય પરસ્પર અવલંબિત છે.

આવા તો સેંકડો ઉદારણો મળશે. ટૂંકમાં શ્રીગોપીનાથજીનો રોલ માર્ગના સંરક્ષણ માટે વેદની વાડનો હોય અને સંપ્રદાયના વિકાસનો રોલ શ્રીગુસાંઈજીનો હોય તો એક મર્યાદા અને બીજા પુષ્ટિ છે તેવું નથી તે સરળતાથી સમજી શકાય તેમ છે. સંપ્રદાયને દીર્ઘજીવી, સમતોલ, સર્વમાન્ય રાખવા માટે આ બન્નેની જરૂર છે જ. બન્નેય પુષ્ટિભક્તિ માર્ગના અંગરૂપે જ છે.

નજીકનો ભૂતકાળ જોતાં જણાશે કે માર્ગના અનેક મહાપુરૂષો વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, ગીતા, અરે ! શ્રીમદ્‌ભાગવત કે જેમાં સારસ્વતકલ્પની કૃષ્ણની લીલાકથા છે તેવા ગ્રંથોને મર્યાદાગ્રંથો કહેતા હતા.

આપણે જાણીયે છીએ કે શ્રીઆચાર્યજીએ આ ચાર પ્રમાણોને આધારે તો અન્યમતોનું નિરાકરણ કરી સ્વમતનું સ્થાપન કર્યું છે. આપણાં માર્ગમાં 'શિવ' નામ બોલવાથી અન્યાશ્રય થઈ જાય તેવી ભિતી એટલી હદ સુધી ઘુસાડી દેવામાં આવી હતી કે જેને પરિણામે કપડાં શિવડાવવા શબ્દો બોલતા ન્હોતા. 'સિલાવવા'

બોલતા હતા. આવી અંધશ્રદ્ધાને કારણે દેવોનો અનાદર કરવામાં આવતો હતો. જે શ્રીઆચાર્યજીના મતે નરકમાં તો નહિ પણ હીનયોનીમાં જન્મ થાય તેમ આપે સર્વનિર્ણયમાં કહ્યું છે. આવી જ કોઈક અંધશ્રદ્ધાના ભોગ શ્રીગોપીનાથજીને બનાવવામાં આવ્યા હોય તેમ લાગે છે.

ભક્તિમાર્ગમાં મર્યાદા - આપણાં પ્રભુમાં નાના બાળકની જેમ સ્નેહ કરવાનો છે અને રાજાની જેમ તેમનો અપરાધ ન થઈ જાય, તેમ ડરતા રહીને સેવા કરવાની છે આ મર્યાદા છે. પુષ્ટિમાર્ગમાં ‘મરજાદ’ તો સેવાના બંધારણમાં મુખ્ય છે. સ્નેહાત્મિકા સેવાને મરજાદથી વિંટવાની સર્વત્ર આજ્ઞા છે. તો પછી શ્રીગોપીનાથજી રૂપ મરજાદને જો દૂર કરવામાં આવશે તો નિર્દોષ સમ પરબ્રહ્મરૂપ પ્રભુની સેવામાં અનાચાર જ ઘુસી જશે અને ત્યારે સ્નેહ પણ છોવાઈ જશે.

શ્રીઆચાર્યજી કહે છે વેદ - તો મર્યાદાનું મૂર્તસ્વરૂપ છે. શ્રીઆચાર્યજીની જીજીવિષા વેદને જીવાડવાની છે. આપ વેદનું સન્માન કરે છે વેદની નિંદા કરનાર હીનયોનીને પ્રાપ્ત કરશે તેમ કહે છે. તો શું શ્રીગોપીનાથજીની નિંદાથી હિનયોની પ્રાપ્ત નહિ થાય ? શ્રીઆચાર્યજીના વચનો કદી મિથ્યા થતા નથી તેવો આપણો વિશ્વાસ છે. આ વેદ અને ગીતા તથા બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવત રૂપ દૂધમાંથી મંથન કરીને આપે પુષ્ટિતત્ત્વ કાઢયું છે એટલે કે જે પુષ્ટિતત્ત્વ છે તે પણ મર્યાદાનું સહયોગી છે અને તે બન્ને એકબીજાથી સંપીને રહે તેમાં જ ભક્તિમાર્ગની શોભા છે.

યાત્રા - શ્રીગોપીનાથજીની યાત્રા અડેલથી જગન્નાથપુરી (પુરૂષોત્તમપુરી) સુધીની થયા કરતી હતી જ્યારે શ્રીગુસાંઈજીની યાત્રા અડેલથી દ્વારીકા (કૃષ્ણપુરી) સુધીની થયા કરતી હતી. આ બન્નેય નગર તો મર્યાદાભક્તિના સ્થાન જ હતા તો પછી શ્રીગોપીનાથજી જ ‘મર્યાદા’ કેમ ?

અન્ય ગ્રંથ - શ્રીગોપીનાથજીની નિત્યસેવા વિધિ શ્લોક, વર્ષોત્સવ સેવાવિધિ, સાધનદીપિકા, સૈંદર્ય પદ્ય આ ચાર રચના પ્રસિદ્ધ છે.

આ ચારેય રચના કોઈ પ્રમાણ સંબંધે નથી પણ પ્રમેયને પ્રાપ્ત કરાવનાર પ્રમાણરૂપ છે. રસરૂપ છે. આપણો માર્ગ જે સેવામાર્ગ કહેવાય છે તે સંબંધે જ છે.

જ્યારે શ્રીગુસાંઈજીનો ગ્રંથ વિદ્વન્ મંડન તો પ્રમાણ સૂચક ગ્રંથ છે. છતાં ગોપીનાથજી ‘મર્યાદા’ !

અન્યાયનાં સંભવિત કારણો : શ્રીગુસાંઈજીને આપશ્રીના મોટાભાઈ શ્રીગોપીનાથજી માટે અપાર સ્નેહ હતો તે આપના પ્રાપ્ય પત્ર વ્યવહારથી જણાઈ આવે છે. પરંતુ, ટૂંકી દષ્ટિવાળા પછીથી થયેલા કોઈક સેવકોએ ૮૪ વૈષ્ણવોની વાર્તાના શ્રીહરિરાયજીએ લખેલ ભાવપ્રકાશ કે મૂળવાર્તામાં પણ છેડછાડ કરી લાગે છે. આવું જ નિજવાર્તા, ઘરૂવાર્તામાં પણ પોતાનો અભિપ્રાય ઘુસાડી દીધો હોય તેમ જણાય છે.

આટલા લાંબા કાલપ્રવાહમાં આ થવું સ્વાભાવિક છે પણ કેટલીક અસંગતતાઓ જે આગળ વિચારી છે તે પરથી આવી ક્ષતી થવાનું અસંભવ નથી તેમ જણાય છે.

શ્રીગોપીનાથજી તથા શ્રીપુરૂષોત્તમજીના લીલાગમન પછી પરિવારમાં જે ગૃહક્લેશ થયો કે જેના પરિણામે શ્રીગોપીનાથજીના વહુજી પોતાને પીયર દક્ષિણમાં હંમેશ માટે પધારી ગયા જેથી કોઈ સેવકવર્ગે શ્રીગુસાંઈજીના પરિવાર પ્રતિ સ્નેહ હોવાના કારણે ભાવાવેશમાં આ ઉપરોક્ત કહેલ ગ્રંથોના મૂળ શબ્દોમાં પરિવર્તન કર્યું હોય તે નકારી શકાય તેમ નથી.

શ્રીમદ્ ભાગરતમાં પણ જ્યારે પ્રક્ષિપ્ત અધ્યાયો છે, પરમત છે તથા અન્યકલ્પની કથા ભેળસેળ થઈ ગઈ છે તેમ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે તો પછી અહીં પણ તેમ હોઈ શકે તેમ માનવું રહ્યું અને તેમ માનવામાં જ આપણું પુષ્ટિગૌરવ સચવાઈ રહેશે.

અંતે શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી બન્ને શ્રીવલ્લભના પ્રતાપી બાળકોને વંદના કરીએ.

યદનુગ્રહ તો જંતુઃ સર્વદુઃખાતિગોભવતે
તમડહ સર્વદા વંદે શ્રીમદ્ વલ્લભનંદનમ્

(૧૭) પ્રશ્ન પત્ર - ચતુઃશ્લોકી

ગો. શ્રીનૃસિંહલાલજી મહારાજની ટીકા પર આધારીત

સૂચના : ખરા ઉત્તરના ક્રમની ફરતે કુંડાળુ કરો.

પ્ર. ૧ શ્રીઆચાર્યજીએ ચતુઃશ્લોકી ગ્રંથ કયા બે ભગવદીયોને ભણાવ્યો ?

(૧) અચ્યુતદાસ સનોઢીયા અને નારાયણદાસ કાયસ્થ

(૨) નારાયણદાસ કાયસ્થ અને રાણા વ્યાસ

(૩) રાણા વ્યાસ અને ભગવાનદાસ સાંચોરા

પ્ર. ૨ રાણાવ્યાસ મિથ્યા વૈરાગ્ય, ધન તથા વિદ્વત્તાનો અહંકાર અને તેનાથી પેદા થતી કુંઠાથી (હીનતા)થી મુક્ત થયા. કેમ કે...

(૧) તેમને પોતાના ધર્મ તથા અર્થનું અભિમાન થયું.

(૨) તેમને મોક્ષ પુરુષાર્થનું જ્ઞાન થઈ ગયું હતું.

(૩) તેમને પોતાના વાસ્તવિક ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ પુષ્ટિમાર્ગીય પુરૂષાર્થનું જ્ઞાન થયું.

પ્ર. ૩ સ્મૃતિમાં કહેલ મુક્તિ ક્યારે પ્રાપ્ત થાય છે ?

(૧) ધર્મ, અર્થ, કામને સારી રીતે નિભાવવાથી (પાળવાથી)

(૨) પૂજામાર્ગ અનુસાર સાંગોપાંગ સાધનોને કરવાથી

(૩) બ્રાહ્મણ દેહમાં જન્મ લેવાથી

પ્ર. ૪ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ શું છે ?

(૧) આપ પ્રભુથી પણ મહાન છે.

(૨) આપ બધાના જ ગુરૂ છે

(૩) આપ પૂર્ણપુરૂષોત્તમ ભગવાનના મુખરૂપ વાણીના પતિ છો.

પ્ર. ૫ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ભૂતલ ઉપર શા માટે થયું ?

(૧) સુસાધન જીવોનું કલ્યાણ કરવા માટે

(૨) પૂજામાર્ગના સાધનાને સાંગોપાંગ કરવા માટે

(૩) દૈવી નિઃસાધન જીવોનો જન્મ સાર્થક બનાવવા માટે

પ્ર. ૬ દૈવી નિઃસાધન જીવ દરેક પ્રકારે નિશ્ચિંત થયા કેમ કે...

(૧) શ્રીકૃષ્ણ સદા સેવનીય છે

(૨) શ્રીકૃષ્ણ સર્વભાવથી ભજનીય છે

(૩) શ્રીગોકુળમાં નિઃસાધનના ફલરૂપ શ્રીકૃષ્ણનું પ્રાકટય થયું.

પ્ર. ૭ અહીં ‘વ્રજાધીપ’નો શું અર્થ છે ?

(૧) વ્રજના સ્વામી (૨) વ્રજના અધિપ

(૩) સચ્ચિદાનંદ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ

પ્ર. ૮ પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા અવશ્ય કરવી જોઈએ કેમ કે...

(૧) ઐહિક-પારલૌકિક સર્વની સિદ્ધિ તેમની સેવાથી થાય છે.

(૨) શ્રીકૃષ્ણ જ આ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય કરનાર છે.

(૩) જીવ ભગવાન શ્રીકૃષ્ણનો અંશ હોવાથી એમનો સહજ દાસ છે.

પ્ર. ૯ વ્રજાધિપની સેવા કયા ભાવથી કરવી જોઈએ ?

(૧) પતિભાવ (૨) બાળભાવ (૩) સર્વભાવ

પ્ર. ૧૦ અહીં વ્રજભાષા ટીકામાં ‘સર્વભાવ’થી સેવા કરવી. આ ઉપદેશમાં ‘સર્વભાવ’નો શું અર્થ લીધો છે ?

(૧) સર્વ કંઈ ભગવાન બન્યા છે તેવો ભાવ

(૨) ભગવાનને પતિ, પુત્ર, ગુરુ એમ સર્વકાંઈ માનીને ભજવા

(૩) દેહ, ઇંદ્રિય, પ્રાણ, સ્ત્રી, પુત્ર, ધન, અને ગૃહ વ. બધું ભગવાનનું જ છે મારું નથી એવો ભાવ જેનાથી અહંતા મમતાત્મક સંસારનું નિવર્તન (લોપ) થાય છે.

પ્ર. ૧૧ ભગવાનની પ્રાપ્તિ કોનાથી (કેવી રીતે) થાય છે ?

(૧) ઉત્તમ ફળ અને શ્રેષ્ઠ જાતીમાં જન્મ લઈનેસારા આચાર-વિચાર નભાવવાથી.

(૨) જ્ઞાન પ્રાપ્તિથી

(૩) કેવલ ભાવ (પ્રેમ)થી જ

પ્ર. ૧૨ વ્રજાધિપની સેવા ક્યાં થઈ શકે છે ?

(૧) શ્રેષ્ઠ દેશ કે તીર્થસ્થાનમાં (૨) વ્રજમંડલમાં

(૩) ક્યાંય પણ જ્યાં સેવાની અનુકૂળતા મળી જાય ત્યાં

પ્ર. ૧૩ વ્રજાધિપની સેવા ક્યારે કરવી જોઈએ ?

(૧) જ્યોતિષી સારું મુહૂર્ત બતાવે તેવા કાળમાં

(૨) કોઈપણ કાળમાં

(૩) સવારે તથા સાંજે

પ્ર. ૧૪ કૃષ્ણસેવાથી ભિન્ન બીજા બધા ધર્મ પુષ્ટિમાર્ગીય જીવના માટે સ્વધર્મ નથી કેમ કે...

(૧) શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને સેવા કરવાનો જ ઉપદેશ આપ્યો છે.

(૨) સેવાધર્મથી જ ફલની પ્રાપ્તિ થાય છે.

(૩) કૃષ્ણસેવા આત્મધર્મ હોવાથી સહજ સ્વાભાવિક ધર્મ છે જ્યારે અન્ય ધર્મ કોઈ કાર્ય (ઉપાધિ)નું કારણ હોવાથી કર્તવ્ય બની જાય છે.

પ્ર. ૧૫ પુષ્ટિમાર્ગીય અર્થ પુરૂષાર્થ શું છે ?

(૧) ધન, સંપત્તિ કે સમગ્ર પૃથ્વીમાં પોતાનું આધિપત્ય

(૨) સ્વર્ગ કે બ્રહ્મલોકમાં સ્થાન અથવા મોક્ષપ્રાપ્તિ

(૩) સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ

પ્ર. ૧૬ અર્થરૂપ સ્વયં ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

(૧) ધન-સંપત્તિ, વૈભવ અને મર્યાદા-અપરસથી જ સેવા કરવાથી

(૨) વેદાભ્યાસ, બુદ્ધિશક્તિ, શ્રવણ દ્વારા

(૩) ભગવાનની કૃપાથી પ્રાપ્ત થતી તેમની સેવાને નિરંતર ભાવથી કરવાથી

પ્ર. ૧૭ પ્રભુ પોતાના ભક્તોના લૌકિક વૈદિક કાર્યોને કેવી રીતે સંપન્ન કરશે ?

(૧) ભક્તોની પ્રાર્થના સાંભળીને

(૨) ભક્તોની સેવાના બદલામાં પ્રસન્ન થઈને

(૩) ભક્તોના અર્થ સ્વયં પ્રભુ હોવાથી અને પોતે સર્વ સમર્થ હોવાના કારણે સ્વયં પ્રમેય બળથી બધું કંઈ સંપન્ન કરે છે.

પ્ર. ૧૮ ભગવાનના ભક્તે આલોક, પરલોકની ચિંતા છોડીને નિશ્ચિંત રહેવું જોઈએ કેમ કે...

(૧) આલોક-પરલોક બધુ કંઈ મિથ્યા હોવાથી ભક્તને તેની આવશ્યક્તા નથી.

(૨) જ્યારે જ્યારે આવશ્યક્તા પડે છે ત્યારે ત્યારે ભક્ત પોતના ભગવાનથી પ્રાર્થના કરીને બધું જ પ્રાપ્ત કરી લે છે.

(૩) ભગવાન પોતાના ભક્તોના સર્વસમર્થ અલૌકિક સ્વામી હોવાના કારણે પ્રાર્થનાની અપેક્ષા વગર જ સેવકની રક્ષા કરવાનું કર્તવ્ય સ્વયં જ નિભાવે છે.

પ્ર. ૧૯ પુષ્ટિમાર્ગીય કામપુરૂષાર્થ શું છે ?

(૧) ઐહિક-પારલૌકિક સુખોને છોડીને મોક્ષની ઈચ્છા રાખવી

(૨) ઐહિક-પારલૌકિક બધા વિષયોનો ત્યાગ કરીને કોઈ પણ પ્રકારની ઈચ્છા ન રાખવી.

(૩) પ્રભુના દર્શનની ઈચ્છા રાખવી એટલું જ નહિ, પોતાની બધી જ ઇંદ્રિયોથી ભગવાનની અનુભૂતિની ઈચ્છા રાખવી.

પ્ર. ૨૦ પુષ્ટિમાર્ગીય કામ પુરૂષાર્થ ક્યારે જાગૃત થાય છે ?

(૧) આલોક-પરલોકના સુખોને સારી રીતે ભોગવી લીધા પછી

(૨) એકવાર અર્થરૂપ બનેલા ભગવાનને જ્યારે ભક્ત પોતાના હૃદયમાં બિરાજમાન કરી લે છે ત્યારે.

(૩) ઐહિક-પારલૌકિક બધા વિષયોના ત્યાગ કર્યા પછી

પ્ર. ૨૧ પુષ્ટિમાર્ગીય મોક્ષ પુરૂષાર્થ શું છે ?

(૧) બધાં દુઃખોથી છૂટી જવું તે મોક્ષ છે

(૨) ઐહિક-પારલૌકિક બધા વિષયોને છોડીને અલૌકિક આનંદરૂપ બ્રહ્માનંદ પ્રાપ્ત થઈ જવો જ મોક્ષ છે.

(૩) સર્વાત્મભાવથી ભગવાન શ્રીકૃષ્ણના બની જવું તે જ પુષ્ટિભક્તનો મોક્ષ છે.

પ્ર. ૨૨ સર્વાત્મના ભગવાનના બની જવું તેનો અર્થ છે..

(૧) ભગવાનમાં પ્રવેશરૂપ સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થવો.

(૨) ભગવાનના જેવા જ બની જવું.

(૩) પ્રભુના સંયોગમાં ભજન અને વિયોગમાં એમનું સ્મરણ નિરંતર ચાલતું રહેવું.

પ્ર. ૨૩ શ્રીગોકુલેશ્વરનો હૃદયમાં બિરાજી જવા પછી એમના સ્મરણ-ભજનની એટલી આવશ્યક્તા નથી રહી જતી. આ વાક્ય ખોટું છે કે સાચું છે કેમ કે...

(૧) સ્મરણ-ભજનનું જે ફલ છે તે જ પ્રભુ તો હૃદયમાં બિરાજી ગયા છે.

(૨) એકવાર હૃદયની અંદર બિરાજી ગયા બાદ પ્રભુ ક્યારેય બહાર નથી પધારતા.

(૩) પ્રભુની પ્રાપ્તિ થઈ ગયા પછી પણ જીવને આસુર જીવના સંગથી આસુરાવેશ ન થાય એટલા માટે ફલરૂપ ભજન-સ્મરણ ઔષધની જેમ હંમેશા કરતા રહેવા જ જોઈએ.

પ્ર. ૨૪ શ્લોકની પૂર્તિ કરો.

પુષ્ટિમાર્ગે હરેઃ દાસ્યં............ , ... હરિરેવ હિ
.... હરિ દિદક્ષૈવ, ... કૃષ્ણસ્ય ચંદ્ ધ્રુવમ્

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ

પ્ર. ૨૫ ચતુઃશ્લોકીના ચાર શ્લોકોમાં અનુક્રમે શ્રીઆચાર્યચરણ શું સમજાવી રહ્યા છે?

(૧) અર્થ કામ મોક્ષ ધર્મ (૨) અર્થ કામ ધર્મ મોક્ષ

(૨) ધર્મ અર્થ કામ મોક્ષ

બડેનકી વાણી પુષ્પ-૧૨ના 'કૃષ્ણાશ્રય'ના ઉત્તર

પ્રશ્ન	ઉત્તર
૧	૩
૨	૩
૩	૧
૪	૧
૫	૧
૬	૩
૭	૨
૮	૩
૯	૩
૧૦	૩

પ્રશ્ન	ઉત્તર
૧૧	૨
૧૨	૨
૧૩	૩
૧૪	૧
૧૫	૩
૧૬	૩
૧૭	૪
૧૮	૩
૧૯	૩
૨૦	૨

પ્રશ્ન	ઉત્તર
૨૧	૩
૨૨	૨
૨૩	૧
૨૪	૩
૨૫	૧
૨૬	૩
૨૭	૩
૨૮	૧
૨૯	૨
૩૦	૩

પ્રશ્ન	ઉત્તર
૩૧	૩
૩૨	૧
૩૩	૩
૩૪	૨
૩૫	૪
૩૬	૩
૩૭	૩
૩૮	૨
૩૯	૩
૪૦	૪
૪૧	૩
૪૨	૪

સાચાં-ખોટાં

૧	✓	૮	✓
૨	✗	૯	✗
૩	✓	૧૦	✓
૪	✗	૧૧	✓
૫	✓	૧૨	✓
૬	✗	૧૩	✗
૭	✓	૧૪	✓
		૧૫	✗

જોડકાં મેળવો

૧ - ૪
૨ - ૫
૩ - ૬
૪ - ૩
૫ - ૧
૬ - ૨
૭ - ૧૧
૮ - ૧૪

૯ - ૧૩
૧૦ - ૧૨
૧૧ - ૧૫
૧૨ - ૧૦
૧૩ - ૯
૧૪ - ૮
૧૫ - ૭

વૈષ્ણવ

વૈષ્ણવરૂપ સમઝ ના પાયો કછુ જાન્યો જબ ગુરુ સમુઝાયો
વૈષ્ણવ મિલત, મિલત ગુરુ આપહી સહજ નસાવત જે ભવ તાપહી
વૈષ્ણવ હી પ્રભુકે સન્મુખ કરી દોષ દૂરાય મિલાય દેત હરિ
વૈષ્ણવ કૃપા કલૂષ કલિનાસત, બદનકમલ હરિગુન જો ભાસત
વૈષ્ણવ કૃપા હોંહી સત્સંગા, જન્મકોટી અઘ જેકર ભંગા
વૈષ્ણવ પ્રભુકો હૃદય કહાવત જનહીય બરબસ પ્રભુ પધરાવત
વૈષ્ણવ કૃપા અમિત જગ માંહી ઈનકી કૃપા કઠીન કછુ નાંહિ
વૈષ્ણવ દોષ ન દેખે કબહૂ પતિત અપતિત રંક નર નાહૂ
વૈષ્ણવ કબહૂં ન લાય જીય તનિક માન-અપમાન
પરહિત કે કારન સદા જે જીન જીવન ઠાન

સાભાર - ‘વિઠ્ઠલાયન’માંથી
શ્રીરૂપચંદ ખંડેલવાલ (ભૂપ)

શ્રીવલ્લભપ્રભુ પદ આશ્રયબિન જન્મ બિતાના ન ચાહિયે
પઢો સૂનો સમઝો સુબોધિની, સમય ગંવાના ન ચાહિયે
આરાધન રાધિકાનાથકા કભી ભૂલાના ન ચાહિયે
ઈન તીનોં બીન જન્મ વૃથા લે બોઝ બઢાના ન ચાહિયે
પથ સિદ્ધાંત સ્વગૃહ સેવા હૈ ‘ધર્મ’ ભૂલાના ન ચાહિયે
સ્વગૃહ બિરાજી નિધિ અમૂલ હૈ ‘અર્થ’ ભૂલાના ન ચાહિયે
ઈન પર તન મન ધન ન્યોછાવર ‘કામ’ ભૂલાના ન ચાહિયે
હૈ સંબંધ બ્રહ્મસે મેરા ગર્વ ન યહ જાના ચાહિયે
કમ સામર્થ્યવાન પ્રભુ મેરે મનમેં લાના ન ચાહિયે
મહામંત્ર અષ્ટાક્ષર મુંહસે કભી હટાના ન ચાહિયે
સ્વતઃ ગમન સૌ સ્તવન, અન્ય આશ્રય અપનાના ન ચાહિયે

શ્રીરૂપચંદ ખંડેલવાલ
જબલપુર

પ્રિન્ટેડ બુક

Not published on a regular bases
Posted under post office guide clause 2.16

પ્રતિ શ્રી,

રવાના : શ્રી વલ્લભઆજ્ઞાનુવર્તિની સમિતિ
કાર્યાલય : ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ – ૩૯૨ ૦૦૧
ફોન : ૦૨૬૪૨–૨૨૯૦૪૮